
MANOGAT • Year-37 • Issue-6 • 25 June 2018 • Jeth Sud 13, Samvat 2074 • Yugabd 5120 • Price : Rs. 5/- • Pages : 28



# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।




## ભાજપ માટે નેશન ફર્સ્ટ

# ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી દેશના સાર્વભૌમત્વની ચૂંટણી






## આપાતકાળમાં સંઘર્ષ કરવાવાળા લોકતંત્રના પ્રહરીઓને તપવંદના




# કોંગ્રેસમાં જ્યારથી આંતરિક લોકશાહી ખતમ થઇ અને પરિવારવાદ વકર્યો ત્યારથી જ કટોકટીના બીજ રોપાઇ ગયા હતા - શ્રી અમિતભાઈ શાહ

- કોંગ્રેસ સંગઠનમાં જ્યારથી આંતરિક લોકશાહીની સમાપ્તિ થઈ અને પરિવારવાદના જન્મ સાથે જ કટોકટીની માનસિકતાના બીજ રોપાયા હતા.
- કોંગ્રેસે પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટિકરણની રાજનીતિને લોકતંત્રમાં દાખલ કરી લોકતંત્રને ખોખલુ કર્યું.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી લિખિત 'સંઘર્ષમાં ગુજરાત' પુસ્તકમાંથી કટોકટીકાળના સંઘર્ષને વાંચી યુવાપેઢીએ તેમાંથી પ્રેરણા લેવી જોઈએ.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટિકરણની રાજનીતિને દેશમાંથી તિલાંજલિ આપી વિકાસની રાજનીતિ એટલે કે પોલિટિક્સ ઓફ પર્ફોમન્સના નવા આયામો દેશ સમક્ષ મુક્યા છે.
- આજે ન્યાયતંત્રની સ્વતંત્રતાની વાતો કરનાર કોંગ્રેસે લાદેલ કમીટેડ જ્યુડીશીયરીની વાત યાદ કરવી જોઈએ.
- અભિવ્યક્તિની આઝાદી બાબતે વાત કરનાર લોકો થોડુક પાછળ વળીને જુએ તો તેમના પૂર્વજો દ્વારા કેવી રીતે આકાશવાણીને કોંગ્રેસ વાણીમાં ફેરવી નાખી હતી ?
- ભારતમાં લોકશાહી એ માત્ર આઝાદીકાળથી નહિ પરંતુ આદિકાળથી ચાલી આવે છે. દ્વારકા અને મગધ જેવા ગણતંત્રો અખંડ ભારતમાં અસ્તિત્વ ધરાવતા હતા તે આપણા માટે ગૌરવ લેવાની બાબત છે.
- લોકશાહીને નેસ્તનાબુદ કરવાનું સૌ પ્રથમ પ્રયાસ દેશમાં જો કોઈએ કર્યો હોય તો તે કોંગ્રેસના શ્રીમતી ઈન્દિરાજી દ્વારા કરવામાં આવ્યો હતો. ૩૫૬ની કલમનો દુરૂપયોગ કરી સરકારોને બરખાસ્ત કરી.
- પરિસ્થિતિઓ અને અધ્યાદેશના કારણે નહિ પરંતુ નેતાઓની માનસિકતામાંથી કટોકટી આવે છે.
- અત્યારની ભારતીય જનતા પાર્ટીના તે સમયના આર.એસ.એસ. અને જનસંઘના યુવા કાર્યકર્તાઓને બંધક બનાવીને જેલમાં પૂરી રાખ્યા હતા. ૧ લાખ ૫૬ હજાર મિસાવાસીઓમાંથી ૯૫ હજાર કાર્યકર્તાઓએ ભાજપાના વિચાર પરિવારના હતા કે જેમને કોંગ્રેસે બંધક બનાવી દીધા હતા.
- દેશની જનતા આ કાળાકાળને ન ભૂલે અને ભવિષ્યમાં પણ ક્યારેય કોઈપણ કટોકટી લાદવાની હિમંત ન કરે તે માટે ભારતીય જનતા પાર્ટીએ આ કટોકટીના દિવસને કાળા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે.
- આજેપણ કોંગ્રેસના પક્ષમાં કોઈપણ જજમેન્ટ આવે તો કોર્ટ મહાન થઈ જાય છે અને વિપક્ષમાં કોઈપણ નિર્ણય થાય તો કોંગ્રેસ ઈમ્પીચમેન્ટ લાવે છે.
- કટોકટીકાળ બાબતે વારંવાર ચર્ચા કરવાના કારણે આપણામાં લોકતંત્રને બચાવવાની ભાવનાની શીખ મળી રહે છે.
- કોંગ્રેસના પૂર્વજોએ સંવિધાનિક સંસ્થાઓને ખોખલી કરી દીધી હતી અને તેની પર બુલડોઝર ફેરવીને ધ્વસ્ત કરવાનું કામ કોંગ્રેસે કર્યું હતું તે ન ભૂલવું જોઈએ.
- કોંગ્રેસના નેતાઓએ ૨૬ જુનના કટોકટીના ઈતિહાસને વાંચવો જોઈએ અને પછી આક્ષેપબાજી કરવી જોઈએ.
- ભારતીય જનતા પાર્ટી આંતરિક લોકશાહીના મુલ્યોના આધારે ચાલી રહી છે. પાર્ટીના કાર્યક્રમોના પોસ્ટર લગાડનાર એક કાર્યકર્તા પાર્ટીનો રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે અને એક સામાન્ય પરિવારમાં ચા વેચનાર વ્યક્તિ પોતાના સંઘર્ષ અને નિષ્ઠાના આધારે દેશનો વડાપ્રધાન બની શકે છે.

Year - 37 • Issue - 6 • Pages-28


- મન કી બાત ૪
- ભાજપ માટે સરકાર નહીં જમ્મુ-કાશ્મીરનો વિકાસ અને સલામતી જ ટોચની અગ્રતા ૧૦
- શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ચોથી ગવર્નિંગ કાઉન્સિલ બેઠક ૧૧
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો બ્રિજના માધ્યમથી સમગ્ર દેશના ખેડૂતો સાથે વાર્તાલાપ ૧૩
- ભાજપ સરકારના આગવા સમાચાર ૧૫
- સૂર્યશક્તિ કિસાન યોજના ૧૮
- સી.એમ. ડેશ બોર્ડ ૨૧
- નવી દિલ્હી ખાતે હેલ્થ મિનિસ્ટર કોન્કલેવ-૨૦૧૮ ૨૨
- ભાજપા શાસિત જિલ્લા પંચાયતો યથાવત્ અને કોંગ્રેસ શાસિત પાંચ જિલ્લા પંચાયતો પર પણ ભાજપાનું કમળ ખીલ્યું ૨૩
- અમદાવાદ ખાતે વિશ્વ યોગ દિન ઉજવણી ૨૫
- પ્રખર દેશભક્ત ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ૨૬




પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

### નિષ્ફળ ગયેલો વિપક્ષ હવે 'અફવા'ના માર્ગે સમાજને ગેરમાર્ગે દોરી રહ્યો છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

શાસ્ત્રોમાં એવું કહેવાયું છે કે દુશ્મનની કોઈ કારી જ્યારે ન ફાવે ત્યારે તે છેલ્લું શરણું જૂઠ ફેલાવવાનું અર્થાત્ 'અફવા'નું લે છે.

કોંગ્રેસે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પ્રત્યેક હથકંડાઓ અજમાવી લીધા. ભાજપ સરકાર, ભાજપનું નેતૃત્વ અને કાર્યકર્તાઓ પર પણ તમામ પ્રકારના આક્ષેપો/કાવાદાવા કરી લીધા. ચૂંટણી જીતવા ગુજરાત જેવા વિકાસશીલ રાજ્યને પણ દેશભરમાં 'બદનામ' કરી જોયું. બાકી રહ્યું હતું તો અધમકક્ષાએ જઈને જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે ઝેર પણ પાઈ જોયું. તમામ રીતે નિષ્ફળ ગયેલો વિપક્ષ હવે 'અફવા'ના માર્ગે સમાજને ગેરમાર્ગે દોરી રહ્યો છે.

'અફવા' એવી જણસ છે જે શંકાને જન્મ આપે છે અને શંકા એવી ઘટના છે જે 'સત્ય'થી વ્યક્તિને ભ્રમિત કરી દે છે.

મિત્રો, આપણું કામ છે વિપક્ષની આ કૂટનીતિને સમજી 'અફવા'ને ઓળખી, તેને મૂળમાંથી ઝડપથી દફનાવીને પ્રજાહિતના સત્યના સૂર્યને ઉજાગર કરવો.

આવનારો સમય તમામ પ્રકારે આપણા સત્ય અને વિપક્ષના અસત્ય વચ્ચેના યુદ્ધનો છે ત્યારે આવો, સત્યના વિજય માટે કટિબદ્ધ થઈ અસત્યને પરાજય અપાવીએ.


વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

## મન કી બાત



**રમત સમાજને એક કરવા તેમજ આપણા યુવાનોમાં જે કૌશલ છે, તેમનામાં જે પ્રતિભા છે તેને શોધવાનો એક બહુ સારો ઉપાય છે**



# ધર્મ અને જાતિથી ઉપર ઊઠીને લોકોએ જ્ઞાનના આધાર પર વ્યક્તિનું સન્માન કરવું જોઈએ

નમસ્કાર. મારા પ્રિય દેશવાસીઓ, આજે ફરી એકવાર મન કી બાતના આ કાર્યક્રમમાં તમારી બધાની સાથે રૂબરૂ થવાનું સૌભાગ્ય મળ્યું છે. હમણાં થોડા દિવસો પહેલાં જ બેંગલુરુમાં એક ઐતિહાસિક ક્રિકેટ મેચ યોજાઈ. તમે લોકો થોડું ઘણું સમજી જ ગયા હશો કે હું ભારત અને અફઘાનિસ્તાનની ટેસ્ટ મેચની વાત કરી રહ્યો છું. તે અફઘાનિસ્તાનની પ્રથમ આંતરારાષ્ટ્રીય મેચ હતી અને તે ભારતીય માટે ગર્વની વાત છે કે અફઘાનિસ્તાનની આ ઐતિહાસિક મેચ ભારત સાથે હતી. આ મેચમાં બંને ટીમોએ બહુ સારું પ્રદર્શન કર્યું હતું અને બીજા અફઘાનિસ્તાનના જ અન્ય બોલર રાશિદ ખાને તો આ વર્ષે આઈપીએલમાં પણ ઘણું સારું પ્રદર્શન કર્યું હતું અને મને યાદ છે કે અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ શ્રીમાન અશરફ ગનીએ મને ટેગ કરીને પોતાના ટ્વીટર પર લખ્યું હતું, અફઘાનિસ્તાનના લોકોને પોતાના હીરો રાશિદ ખાન પર અત્યંત ગર્વ છે. હું આપણા ભારતીય મિત્રોનો આભારી છું કે જેમણે આપણા ખેલાડીઓને પોતાનું કૌશલ્ય દેખાડવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. અફઘાનિસ્તાનમાં જે શ્રેષ્ઠ છે રાશિદ તેનું પ્રતિનિધિત્વ કરે છે. તે ક્રિકેટની દુનિયાની એસેટ છે અને તેની સાથે તેમણે થોડા મજાકના અંદાજમાં એ પણ લખ્યું કે અમે એને કોઈને આપી નહીં દઈએ. આ મેચ આપણા બધા માટે એક યાદગાર મેચ રહેશે. આ તો પહેલી મેચ હતી તેથી યાદ રહેવી ઘણું સ્વાભાવિક છે પરંતુ મને એ મેચ કોઈ વિશેષ કારણથી યાદ રહેશે. ભારતીય ટીમે કંઈક એવું કર્યું, જે આખા વિશ્વ માટે એક ઉદાહરણ છે. ભારતીય ટીમે ટ્રોફી લેતી વખતે એક વિજેતા ટીમ શું કરી શકે છે, તે તેમણે કર્યું. ભારતીય ટીમે ટ્રોફી લેતી વખતે અફઘાનિસ્તાનની ટીમ જે પહેલીવાર આંતરરાષ્ટ્રિય મેચ રમી રહી હતી, અફઘાનિસ્તાનની ટીમને આમંત્રિત કરી અને બંને ટીમોએ સાથે ફોટો પડાવ્યો. Sportsman spirit શું હોય છે, Sportsmanship શું હોય છે – આ એક ઘટનાથી આપણે અનુભવ કરી શકીએ છીએ. રમત સમાજને એક કરવા તેમજ આપણા યુવાનોમાં જે કૌશલ છે, તેમનામાં જે પ્રતિભા છે તેને શોધવાનો એક બહુ સારો ઉપાય છે. ભારત અને અફઘાનિસ્તાન બંને ટીમોને મારી શુભકામનાઓ છે. મને આશા છે કે અમે આગળ પણ આવી જ રીતે એકબીજા સાથે, પૂરા Sportsman spirit સાથે રમીશું પણ અને ખીલશું પણ.

**આજે યોગ એક wellness, revolutionનું કામ કરી રહ્યો છે**

મારા પ્રિય દેશવાસીઓ, આ ૨૧ જૂને ચોથા યોગ દિવસ પર એક અલગ જ નજારો હતો. આખી દુનિયા એકસાથે નજરે પડી. વિશ્વભરમાં લોકોએ પૂરા ઉત્સાહ અને ઉમંગ સાથે યોગાભ્યાસ કર્યો. Brussels માં Europian Parliament હોય, ન્યૂયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્રનું મુખ્યાલય હોય, જાપાની નૌ-સેનાના લડાકૂ જહાજ હોય, દરેક જગ્યાએ લોકો યોગ કરતા નજરે પડ્યા. સાઉદી અરેબિયામાં પહેલીવાર યોગનો ઐતિહાસિક કાર્યક્રમ થયો અને મને કહેવામાં આવ્યું કે ઘણાં બધા આસનોના demonstration તો મહિલાઓએ કર્યું. લદ્દાખના ઊંચાં બર્ફિલા શિખરો પર ભારત અને ચીનના સૈનિકોએ એકસાથે મળીને યોગાભ્યાસ કર્યો. યોગ બધી સીમાઓને તોડીને જોડવાનું કામ કરે છે. સેંકડો દેશોના હજારો ઉત્સાહી લોકોએ જાતિ, ધર્મ, ક્ષેત્ર, રંગ અથવા લિંગ, દરેક પ્રકારના ભેદભાવથી ઉપર જઈને આ અવસરને એક ઘણો મોટો ઉત્સવ બનાવી દીધો. જો દુનિયાભરના લોકો આટલા ઉત્સાહિત થઈને યોગ દિવસના કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા હતા તો ભારતમાં તેનો ઉત્સાહ અનેકગણો કેમ નહીં હોય ?

દેશને ગર્વ થાય છે, જ્યારે સવા સો કરોડ લોકો જુએ છે કે અમારા દેશના સુરક્ષા દળના જવાનોએ નૌ-સેના,

થલસેના તેમજ વાયુસેના ત્રણેય જગ્યાએ યોગનો અભ્યાસ કર્યો. કેટલાક વીર સૈનિકોએ ક્યાંક સબમરીનમાં યોગ કર્યો, તો કેટલાક સૈનિકોએ સિયાચીનમાં બરફના પહાડો પર યોગાભ્યાસ કર્યો. વાયુસેનાના આપણા યોદ્ધાઓએ તો આકાશની વચ્ચે, ધરતીથી ૧૫ હજાર ફૂટની ઊંચાઈ પર યોગાસન કરીને બધાને સ્તબ્ધ કરી દીધા. જોવાનો નજારો એ હતો કે તેમણે વિમાનમાં બેસીને નહીં પરંતુ હવામાં તરતાં યોગ કર્યા. સ્કૂલ હોય, કોલેજ હોય, કાર્યાલય હોય, પાર્ક હોય, ઊંચી ઇમારત હોય કે રમતગમતનું મેદાન હોય, દરેક જગ્યાએ યોગાભ્યાસ થયો. અમદાવાદનું એક દૃશ્ય તો હૃદયસ્પર્શી હતું. ત્યાં લગભગ ૭૫૦ દિવ્યાંગ ભાઈ-બહેનોએ એક સ્થળ પર, એક સાથે ભેગા યોગાભ્યાસ કરીને વિશ્વ કીર્તિમાન સ્થાપિત કર્યો. યોગે જાતિ, પંથ અને ભૂગોળથી પણ આગળ જઈને વિશ્વભરના લોકોને ભેગા કરવાનું કામ કર્યું છે. વસુધૈવ કુટુંબકમ્ ના જે ભાવને આપણે સદીઓથી જીવતા આવ્યા છીએ. આપણા ઋષિ, મુનિ, સંત જેના પર હંમેશા જોર આપતા હતા, યોગે તેને સાચી રીતે સિદ્ધ કરીને દેખાડ્યું. હું માનું છું કે આજે યોગ એક wellness, revolution નું કામ કરી રહ્યો છે. હું આશા કરું છું કે યોગથી wellnessની જે ચળવળ ચાલી છે, તે આગળ વધશે. વધારેમાં વધારે લોકો તેને પોતાના જીવનનો હિસ્સો બનાવશે.

## ૧ જુલાઈ 'ડોક્ટર્સ ડે'

મારા પ્રિય દેશવાસીઓ. My Gov અને નરેન્દ્ર મોદી એપ પર કેટલાય લોકોએ મને લખ્યું કે હું આ વખતે 'મન કી બાત'માં ૧ જુલાઈએ આવનારા 'ડોક્ટર્સ ડે' વિશે વાત કરું – સાચી વાત છે. આપણે મુસીબતના સમયમાં જ ડોક્ટરને યાદ કરીએ છીએ પરંતુ આ એક એવો દિવસ છે જ્યારે દેશ આપણા ડોક્ટર્સની ઉપલબ્ધિઓની ઉજવણી કરે છે અને સમાજ પ્રત્યે તેમની સેવા અને સમર્પણ માટે તેમને બહુ જ ધન્યવાદ આપે છે. આપણે એ લોકો છીએ જે સ્વાભાવતઃ મા ને ભગવાનના રૂપમાં પૂજીએ છીએ, ભગવાનની બરાબર માનીએ છીએ કારણે કે મા આપણને જીવન આપે છે. મા આપણને જન્મ આપે છે, તો કેટલીકવાર ડોક્ટર આપણને પુનઃ જન્મ આપે છે. ડોક્ટરની ભૂમિકા માત્ર બીમારીઓનો ઇલાજ કરવા સુધી સીમિત નથી. હંમેશા ડોક્ટર પરિવારના મિત્ર જેવા હોય છે. આપણા Lifestyle Guides છે, – "They not only cure but also heal". આજે ડોક્ટર્સ પાસે Medical expertise તો હોય જ છે સાથે જ તેમની પાસે general life style trends વિશે, તેનો આપણા સ્વાસ્થ્ય પર શું પ્રભાવ પડે છે, તે બધા વિશે બહુ ઊંડો અનુભવ હોય છે. ભારતીય ડોક્ટરોએ પોતાની ક્ષમતા અને કૌશલથી આખા વિશ્વમાં પોતાની ઓળખ બનાવી છે. Medical professionમાં મહારથ, hardworkingની સાથે સાથે આપણા ડોક્ટર complex medical problemsને ઉકેલવા માટે પણ જાણીતા છે. મન કી બાત ના માધ્યથી હું દરેક દેશવાસીઓની તરફથી આપણા બધા ડોક્ટર સાથીઓને આગામી ૧ જુલાઈએ આવનારા 'ડોક્ટર્સ ડે'ની અઢળક શુભેચ્છા આપું છું.

## કબીર સોઈ પીર હૈ, જો જાને પર પીર
## જો પર પીર ન જાનહી, સો કા પીર મેં પીર

મારા પ્રિય દેશવાસીઓ. આપણે એવા ભાગ્યશાળી લોકો છીએ જેનો આ ભારત ભૂમિમાં જન્મ થયો છે. ભારત એક એવો સમૃદ્ધ ઇતિહાસ રહ્યું છે, જ્યારે કોઈ એવો મહિનો નહીં હોય, કોઈ એવો દિવસ નહીં હોય, જેમાં કોઈ ને કોઈ ઐતિહાસિક ઘટના ન ઘટી હોય. જોઈએ તો ભારતમાં દરેક જગ્યાનો પોતાનો એક વારસો છે. ત્યાંથી જોડાયેલા કોઈ સંત છે, કોઈ મહાપુરુષ છે, કોઈ પ્રસિદ્ધ વ્યક્તિ છે, દરેકનું પોતપોતાનું યોગદાન છે, પોતાનું માહાત્મ્ય છે.

"પ્રધાનમંત્રીજી, નમસ્કાર. હું ડો. સુરેન્દ્ર મિશ્ર બોલું છું. અમને ખબર પડી છે કે ૨૮ જૂને આપ મગહર આવી રહ્યા છો. હું મગહરની બાજુમાં જ એક નાના ગામ તડવા, જે ગોરખપુરમાં છે, ત્યાંનો રહેવાસી છું. મગહર કબીરનું સમાધિ સ્થળ છે અને કબીરને લોકો અહીં સામાજિક સમરસતા માટે યાદ રાખે છે અને કબીરના વિચારો પર દરેક સ્તરે ચર્ચા થાય છે. આપની કાર્યયોજનાથી આ દિશામાં સમાજના દરેક સ્તર પર ઘણો પ્રભાવ પડશે. આપને પ્રાર્થના છે કે ભારત સરકારની જે કાર્યયોજના છે, તેના વિશે અવગત કરાવવા કૃપા કરશો."

આપના ફોન કોલ માટે ખૂબ-ખૂબ ધન્યવાદ. એ સાચું છે કે હું ૨૮ તારીખે મગહર આવી રહ્યો છું અને આમ પણ જ્યારે હું ગુજરાતમાં હતો, ગુજરાતનો કબીરવડ તો આપ જાણતા જ હશો. જ્યારે હું ત્યાં કામ કરતો હતો, તો મેં સંત કબીરની પરંપરાથી જોડાયેલા લોકોનું એક બહુ મોટું રાષ્ટ્રિય અધિવેશન કર્યું હતું. તમે લોકો જાણો છો, કબીરદાસજી મગહર કેમ આવ્યા હતા? એ સમયે એક ધારણા હતી કે મગહરમાં જેનું મૃત્યુ થાય, તે સ્વર્ગે નથી જતા. તેનાથી ઊંધું કાશીમાં જે શરીરત્યાગ કરે છે, તે સ્વર્ગમાં જાય છે. મગહરને અપવિત્ર માનવામાં આવતું હતું પરંતુ સંત કબીરદાસ તેના પર વિશ્વાસ નહોતા કરતા. તેમના સમયની આવી જ કુરીતિઓ અને

અંધવિશ્વાસને તેમણે તોડવાનું કામ કર્યું અને તેથી તેઓ મગહર ગયા અને ત્યાં જ તેમણે સમાધિ લીધી. સંત કબીરદાસજીએ તેમની સાખીઓ તેમજ દોહાના માધ્યમથી સામાજિક સમાનતા, શાંતિ અને ભાઈચારા પર ભાર આપ્યો. તે તેમના આદર્શ હતા. તેમની રચનાઓમાં આપણને આ જ આદર્શો જોવા મળે છે અને આજના યુગમાં પણ તે એટલા જ પ્રેરક છે. તેમનો એક દોહા છેઃ-

**"કબીર સોઈ પીર હૈ, જો જાને પર પીર**
**જો પર પીર ન જાનહી, સો કા પીર મેં પીર"**

તેનો મતલબ કે સાચો પીર સંત એ જ છે જે બીજાની પીડાને જાણતો હોય અને સમજતો હોય, જે બીજાના દુઃખને નથી જાણતા તે નિષ્ઠુર છે. કબીરદાસજીએ સામાજિક સમરસતા પર વિશેષ ભાર આપ્યો હતો. તેઓ પોતાના સમયથી ઘણું આગળનું વિચારતા હતા. તે સમયે જ્યારે વિશ્વમાં પડતી અને સંઘર્ષનો સમય ચાલી રહ્યો હતો, તેમણે શાંતિ અને સદ્‌ભાવનો સંદેશ આપ્યો અને લોકમાનસને એક કરીને મતભેદોને દૂર કરવાનું કામ કર્યું.

**"જગ મેં બૈરી કોઈ નહીં, જો મન શીતલ હોય,**
**યહ આપા તો ડાલ દે, દયા કરે સબ કોય"**

અન્ય દોહામાં કબીર લખે છે કે,

**"જહાં દયા તહં ધર્મ હૈ, જહાં લોભ તહં પાપ,**
**જહાં ક્રોધ તહં કાલ હૈ, જહાં ક્ષમા તહં આપ".**

તેમણે કહ્યું, "જાતિ ન પૂછો સાધુ કી, પૂછ લીજિયે જ્ઞાન" અને લોકોને અપીલ કરી કે તેઓ ધર્મ અને જાતિથી ઉપર ઊઠીને લોકોને જ્ઞાનના આધાર પર માને, તેમનું સન્માન કરે, તેમની વાતો આજે સદીઓ બાદ પણ તેટલી જ પ્રભાવી છે. અત્યારે જ્યારે આપણે સંત કબીરદાસજી વિશે વાત કરી રહ્યા છીએ તો મને તેમનો એક દોહો યાદ આવે છે. જેમાં તેઓ કહે છે,

"ગુરુ ગોવિન્દ દોઉ ખડે, કાકે લાગું પાય બલિહારી ગુરુ આપને, ગોવિન્દ દિયો બતાય." આવી હોય છે આ ગુરુની મહાનતા અને એવા જ એક ગુરુ છે જગતગુરુ- ગુરુનાનક દેવ જેમણે કરોડો લોકોને સન્માર્ગ દેખાડ્યો, સદીઓથી પ્રેરણા આપતા રહ્યા છે. ગુરુ નાનક દેવે સમાજમાં જાતિગત ભેદભાવને પૂરા કરવા અને આખી માનવજાતિને એક માનીને તેમને ગળે લગાડવાની શિક્ષા આપી. ગુરુ નાનક દેવ કહેતા હતા કે ગરીબો અને જરૂરિયાતવાળાઓની સેવા જ ભગવાનની સેવા છે. તેઓ જ્યાં પણ ગયા તેમણે સમાજની ભલાઈ માટે કેટલીયે પહેલ કરી. સામાજિક ભેદભાવથી મુક્ત રસોઈની વ્યવસ્થા જ્યાં દરેક જાતિ, પંત, ધર્મ કે સંપ્રદાયનો વ્યક્તિ આવીને ખાવાનું ખાઈ શકે છે. ગુરુનાનક દેવે જ તો આ લંગર વ્યવસ્થાની શરૂઆત કરી હતી. ૨૦૧૯માં ગુરુનાનક દેવજીનું ૫૫૦મું પ્રકાશપર્વ મનાવવામાં આવશે. હું ઈચ્છું છું કે આપણે બધા લોકો ઉત્સાહ અને ઉમંગ સાથે તેની સાથે જોડાઈએ. તમારા લોકોથી પણ મારો આગ્રહ છે કે ગુરુનાનક દેવજીના ૫૫૦મા પ્રકાશપર્વ પર આખા સમાજમાં અને વિશ્વભરમાં તેને કેવી રીતે મનાવાય, નવા-નવા આઈડીયા કયા હોય, નવા-નવા વિચારો કયા હોય, નવી-નવી કલ્પનાઓ કઈ હોય, તેના પર આપણે વિચારીએ, તૈયારી કરીએ અને ઘણા ગૌરવ સાથે તેને આપણે બધા, આ પ્રકાશપર્વને પ્રેરણાપર્વ બનાવીએ.

**૨૦૧૯માં જલિયાંવાલા બાગની એ ભયાનક ઘટનાનાં પણ ૧૦૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે**

મારા પ્રિય દેશવાસીઓ, ભારતની આઝાદીનો સંઘર્ષ ઘણો લાંબો છે, બહુ વ્યાપક છે, બહુ ઊંડો છે, અગણિત શહીદીઓથી ભરેલો છે. પંજાબથી જોડાયેલો એક ઈતિહાસ છે. ૨૦૧૯માં જલિયાંવાલા બાગની એ ભયાનક ઘટનાનાં પણ ૧૦૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે જેણે માનવતાને શરમમાં મૂકી દીધી હતી. ૧૩ એપ્રિલ ૧૯૧૯નો એ કાળો દિવસ કોણ ભૂલી શકે છે જ્યારે પાવરનો દુરુપયોગ કરતાં ક્રૂરતાની બધી હદ પાર કરીને નિર્દોષ, હથિયાર વગરના અને માસૂમ લોકો પર ગોળીઓ ચલાવાઈ હતી. આ ઘટનાના ૧૦૦ વર્ષ પૂરાં થવાનાં છે. એનું આપણે સ્મરણ કરીએ, આપણે બધા તેના પર વિચાર કરી શકીએ છીએ, પરંતુ આ ઘટનાએ જે અમર સંદેશ આપ્યો, તેને આપણે હંમેશા યાદ રાખીએ. આ હિંસા અને ક્રૂરતાથી ક્યારેય પણ કોઈ સમસ્યાનું સમાધાન નથી કરી શકાતું. જીત હંમેશા શાંતિ અને અહિંસાની થાય છે, ત્યાગ અને બલિદાનની થાય છે.

**ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ભારતના પહેલા ઉદ્યોગ મંત્રી રહ્યા અને એક અર્થમાં જોઈએ તો તેમણે ભારતનો અને ઔદ્યોગિક વિકાસનો મજબૂત શિલાન્યાસ કર્યો હતો**

મારા પ્રિય દેશવાસીઓ, દિલ્હીના રોહિણીના શ્રીમાન રમણ કુમારે નરેન્દ્ર મોદી મોબાઈલ એપ પર લખ્યું છે કે આવનારી ૬ જુલાઈએ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મદિવસ છે અને તેઓ ઈચ્છે છે કે આ કાર્યક્રમમાં ડો. શ્યામાપ્રસાદ મુખર્જી વિશે દેશવાસીઓ સાથે વાત કરું. રમણજી, સૌથી પહેલાં તો તમને ખૂબ-ખૂબ ધન્યવાદ. ભારતના ઈતિહાસમાં તમારી રુચિ જોઈને ઘણું સારું લાગ્યું. તમે જાણો છો, કાલે જ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ હતી ૨૩ જૂને. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી કેટલાંય ક્ષેત્રો સાથે જોડાયેલા રહ્યા પરંતુ

જે ક્ષેત્રો તેમનાથી સૌથી નજીક રહ્યાં તે હતાં education, administrations અને parliamentary affairs. બહુ ઓછા લોકોને ખબર હશે કે કોલકાતા વિશ્વવિદ્યાલયના સૌથી ઓછી ઉંમરના તેઓ વાઈસ ચાન્સેલર હતા. જ્યારે તેઓ વાઈસ ચાન્સેલર બન્યા હતા ત્યારે તેમની ઉંમર માત્ર ૩૩ વર્ષ હતી. બહુ ઓછા લોકો જાણતા હશે કે ૧૯૩૭માં ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના નિમંત્રણ પર શ્રી ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે કોલકાતા વિશ્વવિદ્યાલયમાં convocationને બાંગ્લા ભાષામાં સંબોધન કર્યું હતું. એ પહેલો અવસર હતો, જ્યારે અંગ્રેજોની સલ્તનત હતી અને કોલકાતા વિશ્વવિદ્યાલયમાં કોઈએ બાંગ્લા ભાષામાં convocationને સંબોધિત કર્યું હતું. ૧૯૪૭ થી ૧૯૫૦ સુધી ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ભારતના પહેલા ઉદ્યોગ મંત્રી રહ્યા અને એક અર્થમાં જોઈએ તો તેમણે ભારતનો અને ઔદ્યોગિક વિકાસનો મજબૂત શિલાન્યાસ કર્યો હતો, મજબૂત base તૈયાર કર્યો હતો, એક મજબૂત પ્લેટફોર્મ તૈયાર કર્યું હતું. ૧૯૪૮માં આવેલી સ્વતંત્ર ભારતની પહેલી ઔદ્યોગિક નીતિ તેમના આઈડિયા અને વિઝનની છાપ લઈને આવી હતી. ડો. મુખર્જીનું સપનું હતું, ભારત દરેક ક્ષેત્રમાં ઔદ્યોગિક રૂપથી આત્મનિર્ભર હોય, કુશળ અને સમૃદ્ધ હોય. તેઓ ઇચ્છતા હતા કે ભારત મોટા ઉદ્યોગોને ડેવલપ કરે અને સાથે જ MSME, હાથશાળ, વસ્ત્ર અને કુટિર ઉદ્યોગ પર પણ પૂરું ધ્યાન આપે. કુટિર અને લઘુ ઉદ્યોગોના સારા વિકાસ માટે તેમને ફાઈનાન્સ અને Organization Setup મળે, તેને માટે ૧૯૪૮ થી ૧૯૫૦ વચ્ચે All India Handicrafts Board, All India Handloom Board અને Khadi & Village Industries Board ની સ્થાપના કરવામાં આવી હતી. ડો. મુખર્જીના ભારતના રક્ષા ઉત્પાદનના સ્વદેશીકરણ પર પણ વિશેષ ભાર આપ્યો હતો. Chittaranjan Locomotive Works factory, Hindustan Aircraft Factory, સિંદરીનું ખાતરનું કારખાનું અને દામોદર ઘાટી નિગમ, આ ચાર સૌથી સફળ અને મોટા પ્રોજેક્ટ્સને અને બીજા River Valley Projectsની સ્થાપનામાં ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનું બહુ મોટું યોગદાન હતું. પશ્ચિમ બંગાળના વિકાસ માટે તેઓ ખૂબ જ સમર્પિત હતા. તેમની સમજ, વિવેક અને સક્રિયતાનું જ પરિણામ છે કે બંગાળનો એક હિસ્સો બચાવી શકાયો અને તે આજે ભારતનો હિસ્સો છે. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી માટે જે સૌથી મહત્ત્વપૂર્ણ વાત જે હતી તે હતી, ભારતની અખંડિતતા અને એકતા — અને તેને માટે ૫૨ વર્ષની ઓછી ઉંમરમાં જ તેમણે પોતાનો જીવ પણ ગુમાવવો પડ્યો. આવો, આપણે હંમેશા ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના એકતાના સંદેશને યાદ રાખીએ, સદ્‌ભાવ અને ભાઈચારાની ભાવના સાથે, ભારતની પ્રગતિ માટે જોડાયેલા રહીએ.

**ગરીબથી ગરીબ વ્યક્તિ માટે જિંદગી આપવાનો એક નવો આનંદ, એક નવો ઉત્સાહ, વધુ એક નવી પ્રેરણા પ્રાપ્ત થાય છે**

મારા પ્રિય દેશવાસીઓ, ગત કેટલાંક સપ્તાહમાં મને વીડિયો કોલના માધ્યમથી સરકારની વિભિન્ન યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો. ફાઈલોથી આગળ વધીને લોકોની લાઈફમાં જે ફેરફાર આવી રહ્યા છે, તેના વિશે સીધા તેમની પાસેથી જાણવાનો અવસર મળ્યો. લોકોએ પોતાના સંકલ્પ, પોતાનાં સુખ-દુઃખ, પોતાની ઉપલબ્ધિઓ વિશે જણાવ્યું. હું માનું છું કે મારા માટે આ માત્ર એક સરકારી કાર્યક્રમ નહોતો પરંતુ એક અલગ રીતનો learning experience હતો અને આ દરમિયાન લોકોના ચહેરા પર જે ખુશીઓ જોવા મળી, તેનાથી મોટી સંતોષની પળ કોઈના જીવનમાં કઈ હોઈ શકે? જ્યારે એક સામાન્ય માનવીની વાત સાંભળતો હતો. તેમના ભોળા શબ્દો પોતાના અનુભવની કથા તેઓ જે કહી રહ્યા હતા, હૃદયને સ્પર્શી જતી હતી. દૂર-દૂરનાં ગામોમાં દીકરીઓ common service center ના માધ્યમથી ગામના વૃદ્ધોના પેન્શનથી લઈને પાસપોર્ટ બનાવવા સુધીની સેવાઓ ઉપલબ્ધ કરાવી રહી છે. જ્યારે છત્તીસગઢની કોઈ બહેન સીતાફળને ભેગાં કરીને તેનો આઈસક્રીમ બનાવીને વ્યવસાય કરતી હોય. ઝારખંડમાં અંજન પ્રકાશની જેમ દેશના લાખો યુવાનો જન ઔષધિ કેન્દ્ર ચલાવવાની સાથે સાથે આસપાસનાં ગામોમાં જઈને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છે, તો પશ્ચિમ બંગાળના કેટલાય નવયુવાનો બે-ત્રણ વર્ષ પહેલાં સરકારી નોકરી શોધતા હોય અને હવે તેઓ માત્ર પોતાનો સફળ વ્યવસાય કરી રહ્યા છે, એટલું જ નહીં, દસ-પંદર લોકોને નોકરી પણ આપી રહ્યા છે. તો આ તરફ તમિલનાડુ, પંજાબ, ગોવાની સ્કૂલના વિદ્યાર્થીઓ પોતાની નાની ઉંમરમાં સ્કૂલની tinkering lab માં વેસ્ટ મેનેજમેન્ટ જેવા important topic પર કામ કરી રહ્યા હોય. ન જાણે કેટ-કેટલીયે વાતો હતી. દેશનો કોઈ ખૂણો એવો નહીં હોય જ્યાં લોકોને પોતાની સફળતાની વાત નહીં કહેવી હોય. મને ખુશી એ વાતની છે કે આ આખા કાર્યક્રમમાં સરકારની સફળતાથી વધારે સામાન્ય

માનવીની સફળતાની વાતો દેશની શક્તિ, નવા ભારતના સપનાંની શક્તિ, નવા ભારતનાં સંકલ્પની શક્તિ – તેનો હું અનુભવ કરી રહ્યો હતો. સમાજમાં કેટલાક લોકો હોય છે. તેઓ જ્યાં સુધી નિરાશાની વાતો ન કરે, હતાશાની વાતો ન કરે, અવિશ્વાસ પેદા કરવાનો પ્રયાસ ન કરે, જોડવા કરતાં તોડવાના રસ્તા ન શોધે ત્યાં સુધી તેમને ચેન ન પડે. એવા વાતાવરણમાં સામાન્ય માનવી જ્યારે નવી આશા, નવો ઉમંગ અને પોતાના જીવનમાં ઘટેલી ઘટનાઓની વાત લઈને આવે છે તો તે સરકારનું શ્રેય નથી હોતું. દૂર-દૂરના એક નાના ગામની નાની બાળકીની ઘટના પણ સવા સો કરોડ દેશવાસીઓ માટે પ્રેરણા બની જાય છે. મારા માટે ટેક્નોલોજીની મદદથી, video bridge ના માધ્યમથી લાભાર્થીઓ સાથે સમય વિતાવવાની એક પળ બહુ જ સુખદ, બહુ જ પ્રેરક રહી છે અને તેનાથી કાર્ય કરવાનો સંતોષ તો મળે જ છે પરંતુ વધુ કાર્ય કરવાનો ઉત્સાહ પણ મળે છે. ગરીબથી ગરીબ વ્યક્તિ માટે જિંદગી આપવાનો એક નવો આનંદ, એક નવો ઉત્સાહ, વધુ એક નવી પ્રેરણા પ્રાપ્ત થાય છે. હું દેશવાસીઓનો ઘણો આભારી છું. ૪૦-૪૦, ૫૦-૫૦ લાખ લોકો આ video bridge ના કાર્યક્રમમાં જોડાયા અને મને નવી તાકાત આપવાનું કામ તમે કર્યું. હું ફરી એકવાર તમારા બધાનો આભાર વ્યક્ત કરવા માગું છું.

**નિરંતર કરોડો લોકો કંઈક ને કંઈક સારું કરી રહ્યા છે, તે બધાને મારા તરફથી ખૂબ-ખૂબ શુભકામનાઓ છે**

મારા પ્રિય દેશવાસીઓ, હું હંમેશા અનુભવ કરું છું, જો આપણે આપણી આસપાસ જોઈએ તો ક્યાંક ને ક્યાંક, કંઈક ને કંઈક સારું હોય છે. સારું કરવાવાળા લોકો હોય છે. સારાપણાની સુગંધ આપણે પણ અનુભવ કરી શકીએ છીએ. ગત દિવસોમાં એક વાત મારા મનમાં આવી અને તે એક અનોખું combination છે. તેમાં એક તરફ જ્યાં પ્રોફેશનલ્સ અને એન્જિનિયર્સ છે તો બીજી તરફ ખેતરમાં કામ કરનારા, ખેતી સાથે જોડાયેલા આપણાં ખેડૂત ભાઈ-બહેન છે. હવે તમે વિચારતા હશો કે આ તો બે બિલકુલ અલગ-અલગ વ્યવસાય છે – તેનો શું સંબંધ? પરંતુ એવું છે કે બેંગલુરુમાં corporate professionals, IT engineers સાથે આવ્યા. તેમણે સાથે મળીને એક સહજ સમૃદ્ધિ ટ્રસ્ટ બનાવ્યું છે અને તેમણે ખેડૂતોની આવક બમણી થાય, તેના માટે આ ટ્રસ્ટને activate કર્યું છે. ખેડૂતો સાથે જોડાતા ગયા અને યોજાનઓ બનાવતા ગયા અને ખેડૂતોની આવક વધારવા માટે સફળ પ્રયાસો કરતા રહ્યા. ખેતીની નવી રીત શિખવાડવાની સાથે જૈવિક ખેતી કેવી રીતે કરાય, ખેતરમાં એક પાકની સાથે અન્ય પાક કેવી રીતે ઉગાડાય, તે ટ્રસ્ટ દ્વારા આ professionals, engineers, technocrats દ્વારા ખેડૂતોને training આપવામાં આવી. પહેલાં જે ખેડૂત પોતાના ખેતરમાં એક જ પાક પર નિર્ભર રહેતા હતા, ઊપજ પણ સારી નહોતી થતી અને નફો પણ વધુ નહોતો થતો. આજે તેઓ ન માત્ર શાકભાજી ઉગાડી રહ્યા છે પરંતુ પોતાના શાકભાજીનું માર્કેટિંગ પણ ટ્રસ્ટના માધ્યમથી કરીને સારા ભાવ મેળવી રહ્યા છે. અનાજ ઉત્પાદન કરનારા ખેડૂતો પણ તેનાથી જોડાયેલા છે. એક તરફ પાકના ઉત્પાદનથી માંડીને માર્કેટિંગ સુધી પૂરી ચેઈનમાં ખેડૂતોની એક પ્રમુખ ભૂમિકા છે તો બીજી તરફ નફામાં ખેડૂતોની ભાગીદારી સુનિશ્ચિત, તેમનો હક સુનિશ્ચિત કરવાનો પ્રયાસ છે. પાક સારો ઊતરે, તેના માટે સારી નસલનાં બીજ હોય. તેના માટે અલગ સીડ-બેન્ક બનાવવામાં આવી. મહિલાઓ આ સીડ-બેન્કનું કામકાજ જોવે છે. મહિલાઓને પણ જોડવામાં આવી છે. હું આ યુવાનોને આ અભિનવ પ્રયોગ માટે ખૂબ-ખૂબ ધન્યવાદ આપું છું અને મને ખુશી છે કે professionals, technocrats, engineeringની દુનિયા સાથે જોડાયેલા આ નવયુવાનોએ પોતાની સીમાથી બહાર નીકળીને ખેડૂતો સાથે જોડાવું, ગામ સાથે જોડાવું, ખેતરો સાથે જોડાવાનો જે રસ્તો અપનાવ્યો છે. હું ફરી એકવાર મારા દેશની યુવા પેઢીને તેમના આ અભિનવ પ્રયોગોને, થોડું હું કદાચ જાણતો હોઈશ, કંઈક નહીં જાણતો હોઉં, કેટલાક લોકોને ખબર હશે, કેટલાકને નહીં ખબર હોય, પરંતુ નિરંતર કરોડો લોકો કંઈક ને કંઈક સારું કરી રહ્યા છે, તે બધાને મારા તરફથી ખૂબ-ખૂબ શુભકામનાઓ છે.

**GST ઈમાનદારીની જીત છે અને ઈમાનદારીનો એક ઉત્સવ પણ છે**

મારા પ્રિય દેશવાસીઓ, GST ને એક વર્ષ પૂર્ણ થવાનું છે. 'One Nation, One Tax' દેશના લોકોનું સપનું હતું, તે આજે હકીકતમાં બદલાઈ ચૂક્યું છે. One Nation, One Tax reform, તેના માટે જો મારે સૌથી વધુ જો કોઈને credit આપવી હોય તો હું રાજ્યોને credit આપું છું. GST Cooperative federalismનું એક બહુ સારું ઉદાહરણ છે, જ્યાં બધાં રાજ્યોએ મળીને દેશહિતમાં નિર્ણય લીધો અને ત્યારે દેશમાં આટલું મોટું ટેક્સ રિફોર્મ લાગુ થઈ શક્યું. અત્યાર સુધી GST Councilની ૨૭ મીટિંગ થઈ છે અને આપણે સૌ ગર્વ કરી શકીએ કે અલગ-અલગ રાજનીતિક વિચારધારાના લોકો ત્યાં બેસે છે, અલગ-અલગ રાજ્યોના લોકો બેસે છે, અલગ અલગ priority વાળાં રાજ્યો હોય છે પરંતુ તે ઉપરાંત પણ GST

Councilમાં અત્યાર સુધી જેટલા પણ નિર્ણય લેવાયા છે, તે બધા સર્વસહમતિથી લેવાયા છે. GST થી પહેલાં દેશમાં ૧૭ અલગ-અલગ પ્રકારના ટેક્સ હતા, પરંતુ આ વ્યવસ્થામાં હવે માત્ર એક જ ટેક્સ આખા દેશમાં લાગુ કરાયો છે. GST ઈમાનદારીની જીત છે અને ઈમાનદારીનો એક ઉત્સવ પણ છે. પહેલા દેશમાં ઘણી વખત ટેક્સના મામલામાં ઈન્સ્પેક્ટરરાજની ફરિયાદો આવતી રહેતી હતી. GSTમાં ઈન્સ્પેક્ટરની જગ્યા IT એટલે કે Information Technologyએ લઈ લીધી છે. Returnથી લઈને Refund સુધી બધું Online Information Technology દ્વારા થાય છે. GSTના આવવાથી ચેક પોસ્ટ બંધ થઈ ગઈ અને માલ-સામાનની આવન-જાવન ઝડપી થઈ ગઈ, જેનાથી ન માત્ર સમય બચી રહ્યો છે પરંતુ Logistics ના ક્ષેત્રમાં પણ તેનો ઘણો લાભ મળી રહ્યો છે. GST કદાચ દુનિયાનું સૌથી મોટું ટેક્સ રિફોર્મ હશે. ભારતમાં આટલું મોટું ટેક્સ રિફોર્મ સફળ એટલે થઈ શક્યું કારણ કે દેશના લોકોએ તેને અપનાવ્યું અને જનશક્તિ દ્વારા જ GSTની સફળતા સુનિશ્ચિત થઈ શકી. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આટલું મોટું રિફોર્મ, આટલો મોટો દેશ, આટલી મોટી જનસંખ્યા તેને પૂરી રીતે સ્થિર થવામાં ૫ થી ૭ વર્ષનો સમય લાગે છે પરંતુ દેશના ઈમાનદાર લોકોનો ઉત્સાહ, દેશની ઈમાનદારીનો ઉત્સવ જનશક્તિની ભાગીદારીનું પરિણામ છે કે એક વર્ષની અંદર મોટી માત્રામાં આ નવી કર પ્રણાલી પોતાની જગ્યા બનાવી ચૂકી છે, સ્થિરતા પ્રાપ્ત કરી ચૂકી છે અને આવશ્યકતા અનુસાર પોતાની inbuilt વ્યવસ્થા દ્વારા તે સુધારા પણ કરતી રહે છે. તે પોતાનામાં એક બહુ મોટી સફળતા સવા સો કરોડ દેશવાસીઓએ અર્પણ કરી છે.

મારા પ્રિય દેશવાસીઓ. ફરી એકવાર મન કી બાત ને પૂર્ણ કરતાં હવે પછીની મન કી બાતની રાહ જોઈ રહ્યો છું, તમને મળવાની, તમારી સાથે વાતો કરવાની. તમને ખૂબ-ખૂબ શુભકામનાઓ.

ખૂબ-ખૂબ ધન્યવાદ.

## વિશ્વ યોગ દિવસ



**યોગે સમગ્ર દુનિયાને ઈલનેસથી વેલનેસનો રસ્તો બતાવ્યો છે**

### સમાજને તોડતી શક્તિઓ હાવી બને છે ત્યારે યોગ જોડવાનું કામ કરે છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સમગ્ર વિશ્વમાં યોગાસન દ્વારા ઉજવણીઓ કરાઈ હતી. આ સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચોથા યોગ દિવસ નિમિત્તે દેહરાદૂનનાં વન અનુસંધાન કેન્દ્રના મેદાનમાં ૫૫,૦૦૦ લોકો સાથે યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેહરાદૂનથી ડબલિન અને શાંઘાઈથી શિકાગો સુધી યોગ સમગ્ર દુનિયાને જોડી રહ્યો છે. જ્યારે તોડનારી શક્તિઓ હાવી થાય છે ત્યારે સમાજ વિભાજિત થાય છે. વ્યક્તિ અંદર ને અંદર તૂટતી જાય છે. જીવનમાં તણાવ વધે છે, પરંતુ યોગ જોડવાનું કામ કરે છે. તેમણે જણાવ્યું હતું કે, આપણે આપણા વારસા પર ગર્વ કરીશું અને વિશ્વ આપણા પર ગર્વ કરશે. યોગે સમગ્ર દુનિયાને ઈલનેસથી વેલનેસનો રસ્તો બતાવ્યો છે. રાષ્ટ્રનિર્માણ માટે દરેક નાગરિક તંદુરસ્ત હોય તે જરૂરી છે. તેમાં યોગનું મોટું યોગદાન છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, યોગ કરનારા લોકો નિયમિત રીતે કરે અને જે નથી કરતા તે યોગ કરે. યોગ જ ભારત અને વિશ્વમાં નિકટતા લાવ્યો છે. યોગ આજે દુનિયાના સૌથી શક્તિશાળી યુનિફાઈંગ ફોર્સિસ પૈકીનો એક છે. આપણા માટે ગૌરવની વાત છે કે આજે જ્યાં જ્યાં સૂર્યનાં કિરણો પહોંચી રહ્યાં છે ત્યાં લોકો સૂર્યનું સ્વાગત કરી રહ્યા છે.



## ભાજપ માટે સરકાર નહીં જમ્મુ-કાશ્મીરનો વિકાસ અને સલામતી જ ટોચની અગ્રતા



# હું રાહુલ ગાંધીને પૂછવા માંગું છું કે ગુલાબ નબી આઝાદના નિવેદનને લશ્કર-એ-તોઈબા સમર્થન આપે છે તો કોંગ્રેસ અને લશ્કર-એ-તોઈબા વચ્ચે આ કેવા પ્રકારનું મેચ ફિક્સિંગ છે ?

**- શ્રી અમિતભાઈ શાહ**

- **શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે જમ્મુ-કાશ્મીરના વિકાસ માટે રૂા. ૮૦,૦૦૦ કરોડનું વિશેષ પેકેજ આપ્યું.**
- **પ્રધાનમંત્રી ખુદે એક ડઝનથી વધારે વખત રાજ્યની મુલાકાત લીધી.**
- **૧૪મા નાણા આયોગમાં રાજ્યને ત્રણ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા આમ છતાં પી.ડી.પી.એ જમ્મુ અને લડાખના વિકાસ માટે કશું ન કર્યું.**
- **નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ જમ્મુ-કાશ્મીરમાં વારાફરતી શાસન કરીને રાજ્યનો ખજાનો લૂંટવાનું કામ જ કર્યું છે.**
- **આઝાદી પછી સૌથી વધારે આતંકવાદીઓને કોઈએ ચાર સાલમાં માર્યા હોય તો તે મોદી સરકારે માર્યા છે.**
- **ભાજપને દેશના સૈનિકો ઉપર પૂર્ણ ભરોસો છે અને દેશની સરહદ ઉપર આંખ ઉઠાવીને જોનારાઓને સબક શીખવાડવા માટે તેઓ કટિબદ્ધ છે.**
- **દેશના દુશ્મનોને તેમનાં પ્રત્યેક નાપાક કરતૂતોનો મજબૂત જવાબ અપાશે જ.**




ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે મહેબૂબા મુફ્તી સરકારમાંથી બહાર નીકળી જવાના પક્ષના નિર્ણયને ન્યાયી ઠેરવતાં જણાવ્યું હતું કે પીડીપી જમ્મુ અને લડાખનાં હિતોની અવગણના કરી રહી હતી. વિકાસ માટે જમ્મુ-કાશ્મીરને ટોચની અગ્રતા અપાઈ રહી હતી. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, 'જમ્મુ-કાસ્મીરના વિકાસ માટે વડાપ્રધાન મોદી કરોડો રૂપિયા આપી ચૂકયા હતા પરંતુ પીડીપી દ્વારા જમ્મુ અને લડાખનાં હિતોની અવગણના થતી રહેતી હતી. તેથી અમે સરકાર છોડી દીધી. અમારા માટે જમ્મુ અને લડાખ ટોચની અગ્રતા હતી. રાજ્યના ત્રણેય પ્રદેશોનો સમતોલ વિકાસ થાય તે જરૂરી છે.'

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિના કાર્યક્રમમાં સામેલ થયા બાદ રેલીમાં તેમણે ગુલાબ નબી આઝાદ અને સૈફુદ્દીન સોજ દ્વારા આપવામાં આવેલા નિવેદન બદલ તેમણે કહ્યું હતું કે, ગુલામ નબી આઝાદે જે કહ્યું તેને હું ફરીવાર પુનરાવર્તન પણ નથી કરી શકતો. આ કોંગ્રેસ નેતાઓ અને લશ્કર-એ-તોઈબા વચ્ચે કેવો સંબંધ છે ? શું સંબંધ છે કે ગુલામ નબીનો અભિપ્રાય લશ્કર-એ-તોઈબા જેવો જ છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન સમર્થક નિવેદન માટે રાહુલ ગાંધીએ માફી માગવી જોઈએ. જમ્મુ-કાશ્મીર દેશનું અભિન્ન અંગ છે અને ભાજપ તેને ક્યારેય દેશથી અલગ થવા નહીં દે. પ્રજા પરિષદના આંદોલન સાથે જમ્મુ-કાશ્મીરને દેશ સાથે એક કરવા માટે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ તેમનો જીવ પણ આપી દીધો હતો.

●

નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ચોથી ગવર્નિંગ કાઉન્સિલ બેઠક



# ગુજરાતે સમાજના દરેક વર્ગને કલ્યાણ યોજનાના વ્યાપક લાભ સુનિશ્ચિતપણે પહોંચાડ્યા છે - શ્રી વિજયભાઈ રૂપાણી

નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ચોથી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રૂપાણીએ ઈનોવેટિવ અને પાથ બ્રેકિંગ ઈનિશિયેટિવ્સના કારણે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતે સાધેલી પ્રગતિની જાણકારી આપી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નીતિ આયોગની ચોથી ગવર્નિંગ કાઉન્સિલ બેઠકમાં ભાગ લેતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિવિધ સમાજકલ્યાણ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી તેના લાભ રાજ્ય સરકારે સુપેરે પહોંચાડ્યા છે.

આ બેઠકમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, પાછલા દોઢ દાયકામાં ગુજરાતના કૃષિવિકાસ દરમાં ડબલ ડિઝિટની વૃદ્ધિ થઈ છે. રાજ્ય સરકારની જી.એસ.એફ.સી. અને જી.એન.એફ.સી. જેવી ફર્ટિલાઈઝર ઉત્પાદક કંપનીઓ ખેડૂતોને ખાતરનો યોગ્ય ઉપયોગ કરવા માટે જે માર્ગદર્શન આપી રહી છે તેને પરિણામે ઓછા ખાતરના ઉપયોગથી મહત્તમ ખેત ઉત્પાદન મેળવી શકાયું છે. સોઈલ હેલ્થ કાર્ડ આપીને તેમને જમીનની ગુણવત્તાની જાણકારી વ્યાપક રૂપે અપાઈ છે એટલું જ નહીં માઈક્રો ઈરીગેશન માટે સબસિડી પણ સરકાર આપે છે. સૂક્ષ્મ સિંચાઈ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં ૪૧ લાખ એકર કરતાં વધુ ખેતીલાયક જમીનને લાભ આપવામાં આવ્યો છે.

સામાન્ય અને સીમાંત ખેડૂતોને ૭૦ ટકા અને અનુસૂચિત જાતિ-જનજાતિના ખેડૂતોને ૮૫ ટકા સુધી આર્થિક મદદ આપવામાં આવે છે. આ સાથે ખેડૂતોને શૂન્ય વ્યાજ દરે કૃષિ ધિરાણ ઉપલબ્ધ કરાવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષમાં રૂ. ૪,૯૦૦ કરોડના મૂલ્યની લગભગ ૧૦ લાખ ૭૫ હજાર મેટ્રિક ટન મગફળી, કપાસ, રાયડો, ચણા અને તુવેર દાળને લઘુતમ ટેકાના ભાવે ખરીદ કરવામાં આવ્યાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય રાખ્યું છે તેને હાંસલ કરવા ગુજરાત સરકાર સફળ રહેશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકારે તાજેતરમાં હાથ ધરેલા સુજલામ્ સુફલામ્ જળ અભિયાનની સફળતા વર્ણવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ૧૨૦૦૦ લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધશે અને ૩૨ નદીઓ પુનર્જીવિત થઈ છે. આ અભિયાનમાં ૧૩,૦૦૦થી વધુ તળાવ-ચેકડેમને ઊંડા કર્યા અને ૫,૦૦૦ કિ.મી.થી વધુની નહેરોની સફાઈ કરવામાં આવી છે. આ અભિયાનથી ૨.૬૨ લાખ નાગરિકોને ૮૨ લાખ માનવદિનની રોજગારી પ્રાપ્ત થઈ હતી.

શ્રી રૂપાણીએ રાજ્યમાં વધી રહેલા મેડિકલ ટૂરિઝમનો ઉલ્લેખ કરી




ગૌરવભેર જણાવ્યું હતું કે, ગુજરાતનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વાસ્થ્ય સેવાઓ અને સુવિધાઓ તેમજ રાજ્ય સરકારની પ્રોગ્રેસિવ હેલ્થ પોલિસી થકી ગુજરાત હેલ્થ સેક્ટરમાં શ્રેષ્ઠ બન્યું છે. શ્રી નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં શરૂ કરેલી મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજના લાખો લોકો માટે જીવનદાયી યોજના બની ગઈ છે. ૫૦ લાખથી વધુ પરિવાર આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

વડાપ્રધાન શ્રી મોદીએ આરંભ કરેલી આયુષ્માન ભારત યોજના અંગે શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, આ યોજનાને રાજ્યમાં યોગ્ય રીતે અમલી બનાવવા ગુજરાત પૂરી રીતે સજ્જ છે. આ અંગે તમામ પ્રાથમિક તૈયારી પૂરી કરી દેવામાં આવી છે. આ યોજનાના અમલમાં પણ ગુજરાત અવ્વલ રહેશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી રૂપાણીએ ગરીબ-જરૂરિયાતમંદ મહિલા અને બાળકોને પોષણ આપવા ગુજરાત સરકારે શરૂ કરેલી દૂધ સંજીવની યોજના વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજ્યના ૨૦ જિલ્લામાં આ યોજના કાર્યરત છે. સપ્તાહમાં બે વખત નવજાત શિશુ અને ગર્ભવતી માતાઓને પોષણયુક્ત ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. આ સાથે તેમણે ટૂંક સમયમાં જ ગુજરાતમાં ટીએચઆર-ટેક હોમ રાશન યોજના શરૂ કરવા અંગેની માહિતી આપી હતી. દાહોદ અને નર્મદા જિલ્લાને મહત્ત્વાકાંક્ષી જિલ્લાની શ્રેણીમાં મૂક્યા છે અને આ જિલ્લાઓના સામાજિક-આર્થિક માપદંડો ઉપર વિશેષ ધ્યાન આપી રહ્યા હોવાનું મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયા સ્વપ્નને સાકાર કરવા ગુજરાત ઝડપભેર કામ કરી રહ્યું હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, લોકોને આવશ્યક સેવાઓ ઝડપથી મળે તે આશય સાથે ગુજરાતે ઈ-ગવર્નન્સ, ઓનલાઈન સર્વિસિસ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સારી પ્રગતિ સાધી છે. ગુજરાતે ડીબીટી એટલે કે ડાયરેક્ટ બેનેફીટ ટ્રાન્સફર હેઠળ ખાસ સેલની રચના કરી છે, જે અંતર્ગત ૧૬૯ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, વોટર ગ્રીડ, સુઆયોજિત જળ-વ્યવસ્થાપન અને પાણીના સંયમિત ઉપયોગના કારણે તાજેતરમાં જ નીતિ આયોગે ગુજરાતને કમ્પોઝિટ વોટર ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમનું રાજ્ય જાહેર કર્યું છે, તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ ઉપસ્થિત સર્વે મહાનુભાવોને ગુજરાતનું વોટર મેનેજમેન્ટ મોડેલ નિહાળવા આમંત્રણ પાઠવ્યું હતું.

**લગ્ન પ્રસંગોએ ખાનગી ટ્રાવેલ્સના વિકલ્પે સરળ-સલામત-કિફાયતી બસ-સેવાઓ એસ.ટી. નિગમ પૂરી પાડશે**

- **૨૦ કિ.મી. સુધીના આવવા-જવાના પ્રવાસ માટે રૂા. ૧૨૦૦**
- **૪૦ કિ.મી. સુધીના આવવા-જવાના પ્રવાસ માટે રૂા. ૨૦૦૦**
- **૬૦ કિ.મી. સુધીના આવવા-જવાના પ્રવાસ માટે રૂા. ૩૦૦૦**
- **રાજ્યના પ્રજાજનોને સલામત-સરળ-અદ્યતન પરિવહન સેવા આપવા સરકાર પ્રતિબદ્ધ છે**
- **૯૮ ટકા ગામો ૯૯ ટકા પ્રજાને સાંકળીને એસ.ટી. નિગમ ૨૫ લાખ કિ.મી.થી વધુ કિ.મી.નું સંચાલન કરી લોકોને જોડતી કડી બન્યું છે**
- **ઈન હાઉસ બસ બોડી બિલ્ડિંગથી ગુજરાત એસ.ટી.એ દેશને નવો રાહ ચીંધ્યો છે**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો બ્રિજના માધ્યમથી સમગ્ર દેશના ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો**



## સરકારે કૃષિ ક્ષેત્ર માટે બજેટની જોગવાઈ જે અગાઉની સરકારનાં પાંચ વર્ષ દરમિયાન ૧,૨૧,૦૦૦ કરોડ રૂપિયા હતી તેની સરખામણીએ તેને વર્તમાન સમયમાં (૨૦૧૪-૨૦૧૯) લગભગ બમણી કરીને ૨,૧૨,૦૦૦ કરોડ રૂપિયા સુધી કરી દીધી છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો બ્રિજના માધ્યમથી સમગ્ર દેશના ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ વીડિયો સંવાદના માધ્યમથી ૨ લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટરો (સીએસસી) અને ૬૦૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (કેવીકે)ને જોડવામાં આવ્યાં હતાં. સરકારી યોજનાઓના વિવિધ લાભાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સ માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી દ્વારા વાર્તાલાપનો આ સાતમો સંવાદ હતો.

૬૦૦થી વધુ જિલ્લાઓના ખેડૂતો સાથે વાત કરવાનો આનંદ વ્યક્ત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ખેડૂતો એ આપણા 'અન્નદાતા' છે. તેમણે કહ્યું કે દેશની ખાદ્યાન્ન સુરક્ષાનું સંપૂર્ણ શ્રેય ખેડૂતોના શિરે જવું જોઈએ.

ખેડૂતો સાથેના પ્રધાનમંત્રીના વાર્તાલાપમાં કૃષિ અને અન્ય સંલગ્ન ક્ષેત્રોને લગતા અનેકવિધ મુદ્દાઓને સાંકળી લેવામાં આવ્યા હતા, જેમ કે ઓર્ગેનિક કૃષિ, વાદળી ક્રાંતિ, પશુપાલન, બાગાયતી ખેતી, ફૂલોની ખેતી વગેરે.

દેશમાં ખેડૂતોના સંપૂર્ણ કલ્યાણ માટે તેમનો દૃષ્ટિકોણ રજૂ કરતાં પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે સરકાર ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા અને ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વધુમાં વધુ કિંમતો પૂરી પાડવા માટે કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું કે તેમનો પ્રયાસ છે કે ખેડૂતોને પાકની તૈયારીથી લઈને તેના વેચાણ સુધીના કૃષિના દરેક તબક્કે મદદ મળી રહે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સરકાર કાચા માલની લઘુતમ કિંમતો મળી રહે, ઉત્પાદન માટે યોગ્ય કિંમત પૂરી પાડવામાં આવે, ઉત્પાદનનો બગાડ થતો અટકાવી શકાય અને ખેડૂતો માટે આવકના વૈકલ્પિક સ્રોતો સુનિશ્ચિત કરવા માટે ઉત્સુક છે.

તેમણે કહ્યું કે સરકારની કટિબદ્ધતાના પરિણામસ્વરૂપ ખેડૂતોએ એ બાબતનો અનુભવ કરવો જોઈએ કે 'બીજથી બજાર' સુધી (વાવણીથી વેચાણ) કઈ રીતે સરકારની વિવિધ પહેલોએ ખેડૂતોને તેમની પરંપરાગત ખેતીને સુધારવા માટે મદદ કરી છે.

કૃષિ ક્ષેત્રમાં પરિવર્તન અંગે વાત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે કૃષિ ક્ષેત્ર છેલ્લા ૪૮ મહિનામાં ખૂબ ઝડપથી વિકાસ પામ્યું છે. તેમણે ઉમેર્યું કે આ સમયગાળા દરમિયાન દેશમાં દૂધ, ફળો અને શાકભાજીઓનું નોંધપાત્ર ઉત્પાદન જોવા મળ્યું છે.

સરકારે કૃષિ ક્ષેત્ર માટે બજેટની જોગવાઈ જે અગાઉની સરકારના પાંચ વર્ષ દરમિયાન ૧,૨૧,૦૦૦ કરોડ રૂપિયા હતી તેની સરખામણીએ તેને વર્તમાન સમયમાં (૨૦૧૪-૨૦૧૯) લગભગ બમણી કરીને ૨,૧૨,૦૦૦ કરોડ રૂપિયા સુધી કરી દીધી છે. એ જ રીતે ૨૦૧૦-૨૦૧૪ દરમિયાન થયેલ સરેરાશ ૨૫૫ મિલિયન ટનના પાક ઉત્પાદનની સરખામણીએ ૨૦૧૭-૨૦૧૮ દરમિયાન પાકનું ઉત્પાદન ૨૭૯ મિલિયન ટન જેટલું વધી ગયું છે. આ સમયગાળા દરમિયાન વાદળી ક્રાંતિને લીધે મત્સ્યઉદ્યોગમાં ૨૬ ટકાનો અને પશુપાલન તેમજ દૂધ ઉત્પાદનમાં ૨૪ ટકાનો વધારો નોંધાયો છે.

ખેડૂતો સાથે વાતચીત કરતાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોના સમગ્ર કલ્યાણને સુનિશ્ચિત કરવા માટે સરકારે સોઈલ હેલ્થ કાર્ડ, કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી ધિરાણ, નીમ કોટેડ યુરિયાના માધ્યમથી ગુણવત્તાયુક્ત ખાતર, પાક વીમા યોજનાના માધ્યમથી પાક વીમો, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાના માધ્યમથી સિંચાઈ પૂરી પાડી છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત આજની તારીખમાં સમગ્ર દેશમાં અંદાજે ૧૦૦ સિંચાઈ

પરિયોજનાઓ પૂરી કરવામાં આવી છે અને આશરે ૨૯ લાખ હેક્ટર જમીનને સિંચાઈ અંતર્ગત લાવવામાં આવી છે.

સરકારે ઓનલાઈન પોર્ટલ ઈ-નામ પણ શરૂ કર્યું છે કે જે ખેડૂતોને તેમની ઊપજ યોગ્ય કિંમતે વેચવા માટે સક્ષમ બનાવે છે. છેલ્લાં ચાર વર્ષમાં ઈ-નામ હેઠળ ૫૮૫ નિયંત્રિત જથ્થાબંધ ભાવના બજારોને આવરી લેવામાં આવ્યા છે. સરકારે ઓર્ગેનિક ખેતી અંતર્ગત પણ આશરે ૨૨ લાખ હેક્ટર જમીનને આવરી લીધી છે કે જે ૨૦૧૩-૧૪માં માત્ર ૭ લાખ હેક્ટર હતી. સરકાર પૂર્વોત્તરને ઓર્ગેનિક કૃષિના કેન્દ્ર તરીકે વિકસિત કરવાનું પણ આયોજન કરી રહી છે.

વાર્તાલાપ દરમિયાન ખેડૂત ઉત્પાદન સમૂહ અને એફપીઓ (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન) દ્વારા જે સંગઠિત શક્તિનું પ્રદર્શન કરવામાં આવ્યું છે તે અંગે પણ પ્રધાનમંત્રીશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. કેમ કે તેનાથી ખેડૂતો ઓછા ખર્ચે કૃષિ સંબંધી કાચા માલને પ્રાપ્ત કરવા અને તેમના ઉત્પાદનોને અસરકારક રીતે વેચવા માટે સક્ષમ બને છે. છેલ્લાં ૪ વર્ષમાં ૫૧૭ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ખેડૂતો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે ફાર્મર પ્રોડ્યુસર કંપનીઓને આવકવેરામાં છૂટ આપવામાં આવી છે.

પ્રધાનમંત્રીશ્રી સાથે વાતચીત કરતાં વિવિધ કૃષિ યોજનાઓના લાભાર્થીઓએ જણાવ્યું કે કઈ રીતે વિવિધ કૃષિ યોજનાઓએ તેમને ઉત્પાદન વધારવામાં મદદ કરી છે. લાભાર્થીઓએ સોઈલ હેલ્થ કાર્ડના મહત્ત્વને પણ દર્શાવ્યું અને સહયોગાત્મક ચળવળના અનુભવ પણ વહેંચ્યા હતા.

## ભારત હવે વૈશ્વિક સ્તરે ટોચના પાંચ ફિનટેક દેશોમાંનો એક છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્ર સરકારના વાણિજ્ય વિભાગ માટેની એક નવી કચેરી, વાણિજ્ય ભવનનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ ઈમારત નિર્ધારિત સમયમર્યાદામાં જ તૈયાર થઈ જશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ નવા ભારતના ઉત્સાહને જાળવી રાખવા અને જૂની પ્રથાઓ કે જે અંતર્ગત મહત્ત્વની ઈમારતોનું નિર્માણ, રાજધાનીમાં પણ અમર્યાદિત સમય માટે વિલંબિત થતું રહે છે તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ છે. આ સંદર્ભમાં તેમણે ડૉ. આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક, પ્રવાસી ભારતીય કેન્દ્ર અને કેન્દ્રીય માહિતી આયોગના નવા કાર્યાલયનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે આ સરકારની કાર્યપદ્ધતિમાં પરિવર્તનનું એક પરિણામ છે. તેમણે આશા વ્યક્ત કરી કે નવી કચેરીની ઈમારત વાણિજ્ય ભવન, એ ભારતના વ્યાપાર-વાણિજ્ય ક્ષેત્રમાં વધુ અન્ય માન્યતાઓને દૂર કરવાનું કામ કરશે. દેશના વસતી વિભાજન અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે, આપણા યુવાનોની મહત્ત્વાકાંક્ષાઓને પૂરી કરવી એ આપણી સૌની જવાબદારી છે.

ડિજિટલ ટેક્નોલોજીનો સ્વીકાર કરવા અંગે વાત કરતાં પ્રધાનમંત્રીશ્રીએ નોંધ્યું કે જે જમીન પર નવું મકાન તૈયાર થઈ રહ્યું છે તે અગાઉ ડાયરેક્ટરેટ જનરલ ઑફ સપ્લાય એન્ડ ડિસ્પોઝલના હસ્તગત હતું. તેને હવે સરકારી ઈ-માર્કેટ (જીઈએમ) પ્લેસમાં બદલી નાખવામાં આવ્યું છે કે, જેણે ટૂંક સમયમાં જ ૮૭૦૦ કરોડ રૂપિયાની લેવડ-દેવડ કરી છે, તેમ તેમણે ઉમેર્યું. તેમણે વાણિજ્ય વિભાગને વિનંતી કરી કે જીઈએમના વધુ વિસ્તૃતીકરણ પર કામ કરવામાં આવે અને દેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રના ફાયદા માટે ઉપયોગમાં લેવામાં આવે. તેમણે જીએસટીના ફાયદાઓ અંગે પણ જણાવ્યું અને કહ્યું કે કેન્દ્ર સરકાર લોકોને અનુકૂળ, વિકાસને અનુકૂળ અને રોકાણને અનુકૂળ વાતાવરણનું નિર્માણ કરવા માટે સતત પ્રયત્નો કરી રહી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ રીતે ભારત અત્યારે વૈશ્વિક અર્થતંત્રમાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે તે દર્શાવવા માટે અનેકવિધ વિશાળ આર્થિક માપદંડો અને સૂચકાંકોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ભારત હવે વૈશ્વિક સ્તરે ટોચના પાંચ ફિનટેક દેશોમાંનો એક છે. તેમણે જણાવ્યું કે 'વેપાર માટેની સુગમતા' અને 'વ્યવસાય કરવાની સરળતા' એ આંતરિક રીતે 'જીવન જીવવાની સરળતા' સાથે જોડાયેલાં છે.

પ્રધાનમંત્રીશ્રીએ નિકાસમાં વૃદ્ધિની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે આ પ્રયત્નમાં રાજ્યો ક્રિયાશીલ ભાગીદારો બનવા જોઈએ. તેમણે કહ્યું કે વાણિજ્ય વિભાગે વૈશ્વિક નિકાસમાં ભારતની ભાગીદારીને વર્તમાન ૧.૬ ટકાથી વધારીને ઓછામાં ઓછી ૩.૪ ટકા સુધી વધારવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. તે જ રીતે, તેમણે ઉમેર્યું, આયાતને ઘટાડવા માટે ઘરેલું ઉત્પાદન વધે તે માટેના પ્રયત્નો પણ કરવા જોઈએ. આ સંદર્ભમાં તેમણે ઈલેક્ટ્રોનિકસ ઉત્પાદનનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે ઘરેલું ઉત્પાદન વધારવા માટે અનેક પગલાંઓ લીધાં છે.

●



# ભાજપ સરકારના આગવા સમાચાર

## ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિકમાં જીડીપી વૃદ્ધિદર ૭.૭ ટકા

સાંખ્યકી તથા કાર્યક્રમ ક્રિયાન્વયન મંત્રાલયના કેન્દ્રીય સાંખ્યકી કાર્યાલય (સીએસઓ) અનુસાર વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિક ગાળામાં (જાન્યુઆરી-માર્ચ)માં દેશનો આર્થિક વૃદ્ધિદર છેલ્લા સાત ત્રિમાસિકમાં સર્વાધિક ૭.૭ ટકા પર પહોંચી ગયો. દરઅસલ, કેન્દ્રીય સાંખ્યકી કાર્યાલયે વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિકમાં વર્ષ ૨૦૧૧-૧૨ના મૂલ્ય આધારિત જીડીપી વૃદ્ધિ દર ૭.૭ ટકા આંક્યો, જ્યારે વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ ત્રિમાસિક તથા પહેલા, બીજા અને ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી વૃદ્ધિ દર ક્રમશઃ ૫.૬, ૬.૩ તથા ૭.૦ ટકા રહ્યો. કૃષિ (૪.૫ પ્રતિશત), વિનિર્માણ (૯.૧ ટકા) અને નિર્માણ (૧૧.૫ ટકા) ક્ષેત્રોના ઉલ્લેખનીય યોગદાનથી આ શાનદાર ફળશ્રુતિ સાકાર થઈ શકી.

વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિકમાં ક્ષેત્રવાર સ્તર પર કૃષિ તથા સંબદ્ધ ક્ષેત્રો, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રો માટે સ્થિર (૨૦૧૧-૧૨) મૂલ્યો પર 'જીવીએ' વૃદ્ધિ દર ક્રમશઃ ૪.૫, ૮.૮ અને ૭.૭ ટકા રહેવાનું અનુમાન કરાયું હતું. વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિકમાં પૂંજીગત સામાનના ૯.૦ ટકાના વૃદ્ધિ દર સિવાય સ્થિર મૂલ્યો પર સકળ સ્થાયી પૂંજીનિર્માણનો વૃદ્ધિ દર ચોથા ત્રિમાસિકમાં વધીને ૧૪.૪ ટકા થઈ ગયો, જ્યારે પહેલા, બીજા અને ત્રીજા ત્રિમાસિકમાં આ વૃદ્ધિદર ક્રમશઃ ૦.૮, ૬.૧ તથા ૯.૧ ટકા હતો.

રાષ્ટ્રીય આવકનાં અનુમાનો અનુસાર વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ માટે સ્થિર (૨૦૧૧-૧૨) મૂલ્યો પર જીડીપી વૃદ્ધિ દર ૬.૭ ટકા રહેવાનું અનુમાન કરવામાં આવ્યું છે. વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮માં ક્ષેત્રવાર સ્તર પર કૃષિ તથા સંબદ્ધ ક્ષેત્રો, ઉદ્યોગો અને સેવાક્ષેત્રો માટે સ્થિર (૨૦૧૧-૧૨) મૂલ્યો પર 'જીવીએ' વૃદ્ધિ દર ક્રમશઃ ૩.૪, ૫.૫ અને ૭.૯ ટકા રહેવાનું અનુમાન કરવામાં આવ્યું છે.

સ્થિર (૨૦૧૧-૧૨) અને વર્તમાન મૂલ્યો પર વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા ત્રિમાસિક જીડીપી વૃદ્ધિ દરનો ઉલ્લેખ નીચે મુજબ છે.

### જીડીપી વૃદ્ધિ દરો

| | સ્થિર મૂલ્ય ૨૦૧૧-૧૨ | વર્તમાન મૂલ્ય |
|---|---|---|
| વાર્ષિક ૨૦૧૭-૧૮ | ૬.૭ | ૧૦.૦ |
| પહેલો ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (એપ્રિલ-જૂન) | ૫.૬ | ૮.૩ |
| બીજો ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (જુલાઈ-સપ્ટેમ્બર) | ૬.૩ | ૯.૫ |
| ત્રીજો ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (ઑક્ટોબર-ડિસેમ્બર) | ૭.૦ | ૧૧.૦ |
| ચોથો ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (જાન્યુઆરી-માર્ચ) | ૭.૭ | ૧૦.૯ |

વર્ષ ૨૦૧૭-૧૮માં સ્થિર (૨૦૧૧-૧૨) મૂલ્યો પર વાસ્તવિક જીડીપી અથવા કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) વધીને ૧૩૦.૧૧ લાખ કરોડ રૂપિયા થવાનું અનુમાન કરવામાં આવ્યું, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭ માટે પ્રથમ સંશોધિત અનુમાનોમાં તે ૧૨૧.૯૬ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યા હતા. આ બાબત ૬.૭ ટકાના વૃદ્ધિ દરને દર્શાવે છે.

### બુનિયાદી મૂલ્યો પર કુલ મૂલ્યવૃદ્ધિ (જીવીએ)

વર્ષ ૨૦૧૭-૧૮માં બુનિયાદી સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર વાસ્તવિક 'જીવીએ' વધીને ૧૧૯.૭૬ લાખ કરોડ રૂપિયા થવાનું અનુમાન કરવામાં આવ્યું, જે વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ સંશોધિત અનુમાનોમાં ૧૧૨.૪૮ લાખ કરોડ રૂપિયા હતા. આ ૬.૫ ટકાના વૃદ્ધિ દરને દર્શાવે છે.




જે ક્ષેત્રોએ ૭.૦ ટકાથી વધુ વૃદ્ધિ દર નક્કી કર્યો છે તેમાં 'લોક પ્રશાસન, રક્ષા તથા અન્ય સેવાઓ (૧૦.૦ ટકા)' 'વ્યાપાર, હૉટલ, પરિવહન, સંચાર તથા પ્રસારણથી સંલગ્ન સેવાઓ (૮.૦ ટકા)' અને 'વિદ્યુત, ગેસ, જળઆપૂર્તિ તથા અન્ય ઉપયોગી સેવાઓ (૭.૨ ટકા)' સામેલ છે. 'કૃષિ, વન તથા મત્સ્યપાલન', 'ખનન તથા ઉત્ખનન', 'વિનિર્માણ', 'નિર્માણ' અને 'વિત્તીય, અચલ સંપત્તિ તથા પ્રોફેશનલ સેવાઓ'નો વૃદ્ધિ દર ક્રમશઃ ૩.૪, ૨.૯, ૫.૭, ૫.૭ અને ૬.૬ ટકા રહેવાનું અનુમાન કરવામાં આવ્યું છે.

### કુલ રાષ્ટ્રીય આવક

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન બધા અર્થોમાં (૨૦૧૧-૧૨ના મૂલ્યો પર) પ્રતિ વ્યક્તિ આવક વધવાથી ૮૬,૬૬૮ રૂપિયાના સ્તર સુધી પહોંચી જવાની સંભાવના છે. જે વર્ષ ૨૦૧૬-૧૭માં ૮૨૨૨૯ રૂપિયા હતી. ૨૦૧૭-૧૮ વર્ષ દરમ્યાન પ્રતિ વ્યક્તિદીઠ આવકનો વૃદ્ધિ દર ૫.૪ ટકા રહેવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે, જે આગલા વર્ષે ૫.૭ ટકા હતો.

## ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે તથા દિલ્લી-મેરઠ એક્સપ્રેસ વેના ફેજ-૧નો શુભારંભ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭ મેના રોજ દિલ્લી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં બે નવનિર્મિત એક્સપ્રેસ વે દેશના નામે સમર્પિત કર્યા. આમાંથી પહેલો નિઝામુદ્દીન સેતુથી દિલ્લી-ઉત્તરપ્રદેશની સીમા સુધી વિસ્તૃત ૧૪ લેનના અભિગમથી નિયંત્રિત દિલ્લી-મેરઠ એક્સપ્રેસનું પહેલું ચરણ છે. રાષ્ટ્રીય રાજમાર્ગનો ૮૩.૬૦ કિ.મી.નો આ રસ્તો લગભગ ૮૪૧.૫૦ કરોડ રૂપિયાના ખર્ચથી ૩૦ મહિનાની અપેક્ષિત નિર્માણ અવધિના બદલે ૧૮ મહિનાના રેકોર્ડ સમયમાં તૈયાર કરવામાં આવ્યો. આમાં ૬ લેનનો એક્સપ્રેસ-વે તથા ૪ પ્લસ ૪ની સર્વિસ લેન સામેલ છે. આ પરિયોજનાનો શિલાન્યાસ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫માં કરવામાં આવ્યો હતો.

દરઅસલ, દિલ્લી-મેરઠ એક્સપ્રેસ વે પરિયોજનાનું લક્ષ્ય દિલ્લી તથા મેરઠ વચ્ચે તથા તેનાથી પણ આગળ ઉત્તરપ્રદેશ તથા ઉત્તરાખંડ સાથે ઝડપી તથા સુરક્ષિત સંપર્ક સાધવાનો છે. પરિયોજનાની કુલ લંબાઈ ૮૨ કિ.મી. છે, જેમાં પ્રારંભની ૨૭.૭૪ કિ.મી. લંબાઈ ૧૪ લેનની હશે, જ્યારે બાકીનો ૬ લેનનો એક્સપ્રેસ વે હશે. આ પરિયોજના પર ૪૯૭૫.૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનું અનુમાન છે. આ એવો એક્સપ્રેસ વે હશે, જેમાં દિલ્લી તથા ડાસનાની વચ્ચે લગભગ ૨૮ કિમીના રસ્તા પર સમર્પિત સાઈકલ ટ્રેક હશે. આ પરિયોજનામાં ૧૧ ફલાયઓવર/ઈન્ટરચેંજ, ૫ નાના-મોટા પુલ, ત્રણ રેલવે ઓવરબ્રિજ, વાહનો માટે ૩૬ તથા પદયાત્રીઓ માટે ૧૪ અંડરપાસ હશે. પૂરી પરિયોજના સંપન્ન થઈ ગયા પછી દિલ્લી મેરઠ જવા માટે ફક્ત ૬૦ મિનિટ લાગશે.

### ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે

દેશના નામ પર સમર્પિત બીજી પરિયોજનાની સંખ્યા ૧થી રાષ્ટ્રીય રાજમાર્ગની સંખ્યા ૨ પર આવી છે. ૧૩૫ કિમી લાંબો ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ (ઈપીઆઈ) છે. એ સર્વવિદિત છે કે વેસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે (ડબ્લ્યુપીઆઈ) તથા ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે (ઈપીઆઈ)થી નિર્મિત દિલ્લીની ચારે બાજુ પેરિફેરલ એક્સપ્રેસ વે પરિયોજનાની પરિકલ્પના - આવા ટ્રાફિકને ડાયવર્ટ કરવી જેનું ગંતવ્યસ્થાન માત્ર દિલ્લી નથી; રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રને ભીડભાડ તથા પ્રદૂષણથી બચાવવા માટે આયોજિત કરવામાં આવી છે.

ઈપીએ માટે લગભગ ૫૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી કુલ ૧૭૦૦ હેક્ટર ભૂમિનું અધિગ્રહણ કરવામાં આવ્યું.

## મુદ્રા યોજના અંતર્ગત ૧૨ કરોડ પરિવારોને ૫.૭૫ લાખ કરોડ રૂપિયાનું મળ્યું ઋણ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે મુદ્રા યોજના અંતર્ગત બેંકો અને વિત્તીય સંસ્થાનોએ ૧૨ કરોડ પરિવારોને ૫.૭૫ લાખ કરોડ રૂપિયાનું ઋણ આપ્યું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વાત દેશના મુદ્રા યોજનાના લાભાર્થીઓ સાથે ૨૯મી મેના દિવસે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ દરમ્યાન કહી. દરઅસલ, પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે આજ સુધીમાં ૫.૭૫ લાખ કરોડ રૂપિયાની રકમનું ૧૨ કરોડ લોકોને ઋણ આપ્યું છે. આમાંથી ૩.૨૫ લાખ કરોડ રૂપિયાના ઋણના ૨૮ ટકા પહેલીવાર આ યોજનાનો લાભ મેળવનાર ઉદ્યોગશીલોને આપવામાં આવ્યો. કેટલાક લાભાર્થીઓમાં ૭૪ ટકા મહિલાઓ અને ૫૫ ટકા ઋણ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગના લાભાર્થીઓને આપવામાં આવ્યો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાભાર્થીઓ સાથે વાત કરતી વખતે મુદ્રા યોજનાને રોજગારીનું સર્જન કરનારી યોજના તરીકે વર્ણવી. તેમણે કહ્યું કે આ પહેલથી ઉદ્યોગશીલોને શાહુકારો અને વચેટિયાઓના કુચક્રમાંથી બચાવવામાં સહાયતા મળી છે. આ યોજનાએ નવો વેપારધંધો શરૂ કરવા અથવા તેનો વિકાસ કરવાની ઈચ્છા ધરાવતા યુવાનો અને મહિલાઓને એક અવસર પ્રાપ્ત કરાવ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુદ્રા યોજનાના લાભાર્થીઓને સંબોધિત કરતાં કહ્યું કે આ યોજનાએ લઘુ અને સૂક્ષ્મ વ્યાપારને આગળ ધપાવવા માટે ગરીબોના જીવનમાં નિરંતર સુખદ પરિવર્તન આણ્યું છે. આ યોજનાએ લોકોને આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવ્યા છે અને તેમને સફળતા મેળવવા માટે એક મંચ પ્રદાન કર્યો છે. સંવાદ દરમ્યાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે જો મુદ્રા યોજના થોડા સમય પહેલાં શરૂ કરવામાં આવી હોત તો એનાથી લાખો લોકોને પોતાનો વેપાર શરૂ કરવામાં મદદ મળત અને આનાથી મોટા પાયા પર પલાયનને રોકી શકાયું હોત. પ્રધાનમંત્રી સાથે સંવાદ કરતાં લાભાર્થીઓએ મુદ્રા યોજનાથી વ્યાપારની સ્થાપના કરવામાં અને બીજાઓ માટે રોજગારનું સર્જન કરવામાં મળેલી સહાય વિશે જણાવ્યું.


એ સર્વવિદિત છે કે ૮ એપ્રિલ ૨૦૧૫ના રોજ શુભારંભ થયેલી આ યોજના અંતર્ગત ગેરવ્યવસાયી, ગેરકૃષિ અને નાના વેપારીઓને ૧૦ લાખ રૂપિયા સુધીનું ઋણ આપવામાં આવે છે. આ બધું ઋણ પીએમએમવાય અંતર્ગત મુદ્રા ઋણના નામથી વર્ગીકૃત કરવામાં આવ્યું છે. આ ઋણ વ્યાવસાયિક બેંકો, આરઆરબીની લઘુ વિત્ત બેંકો, સહકારી બેંકો, એમએફઆઈ અને એનબીએફસી દ્વારા આપવામાં આવ્યું છે.

પરિયોજનાનો નિર્માણખર્ચ લગભગ ૪૬૧૭.૮૭ કરોડ રૂપિયા છે. એક્સપ્રેસ વે લગભગ ૫૦૦ દિવસોના રેકોર્ડ સમયમાં તૈયાર કરવામાં આવ્યો, જે પહેલાં અંદાજે ૯૧૦ દિવસનો હતો. જ્યારે નિર્ધારિત લક્ષ્ય ૫૦૦ દિવસોમાં પૂરું કરવામાં આવ્યું. એક્સપ્રેસ વેમાં ૪ મોટા પુલ, ૬ નાના પુલ, ત્રણ ફ્લાયઓવર, ૭ ઈન્ટરચેન્જ, ૨૨૧ અંડરપાસ, ૮ આરઓબી તથા ૧૧૪ પુલિયા (કલ્વર્ટ) છે. આ પરિયોજનાએ લગભગ ૫૦ લાખ માનવ દિવસો માટે રોજગારની સંભાવનાઓનું સર્જન કર્યું છે.

દેશનો આ એક એવો પહેલો એક્સપ્રેસ વે છે જેમાં સંપૂર્ણ ૧૩૫ કિ.મી.ની લંબાઈમાં સૌર વીજળીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બધા અંડરપાસને પ્રકાશિત રાખવા માટે વોટરિંગ પ્લાન્ટ માટે સૌર પંપોના પરિચાલન માટે આ એક્સપ્રેસ વે પર ૪૦૦ કિલોવોટ (૪ મેગાવોટ)ની ક્ષમતાનાં આઠ સૌર વીજળી સંયત્રો છે. ઈપીઈ પર પ્રત્યેક ૫૦૦ મીટરે વરસાદના જળનો સંચય કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે, તથા તમામ ઈપીઈ પર ડ્રીપ સીંચાઈ પણ છે. ભારતીય સંસ્કૃતિ તથા વિરાસતને પ્રદર્શિત કરતાં સ્મારકોની ૩૬ પ્રતિકૃતિઓ પણ છે.

દિલ્લી-મેરઠ એક્સપ્રેસવેના શુભારંભ પછી પ્રધાનમંત્રીએ રાજમાર્ગના પરીક્ષણ અર્થે કેટલાક કિમી સુધી ખુલ્લી જીપમાં સફર કરી. આ અવસર પર બાગપતમાં જનસભાને સંબોધિત કરતાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે દિલ્લી-મેરઠ એક્સપ્રેસ વેનું સંપૂર્ણ કામ ત્વરાથી પૂરું કરવામાં આવશે. તેમણે કહ્યું કે ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે દિલ્લીમાં યાતાયાતની ભીડભાડ ઓછી કરવામાં મદદગાર બનશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે લોકોના જીવનસ્તરને ઊંચું લાવવા માટે આધુનિક સુવિધાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે સડકો, રેલવે, જળમાર્ગો ઈત્યાદિ સહિત ઢાંચાગત વ્યવસ્થાઓના નિર્માણમાં લેવાઈ રહેલાં પગલાંઓનો ઉલ્લેખ કર્યો. સાથે જ સભાને સંબોધિત કરતાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવી સંરચનાઓના વિકાસની ગતિમાં વૃદ્ધિની પણ ચર્ચા કરી.

●







# ગુજરાતનો કિસાન ખેતી વિષયક વીજ વપરાશ બાદ વધતી સૌર ઊર્જા-વીજળી સરકારને વેચી આર્થિક સમૃદ્ધિ મેળવશે - શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે ખેડૂતોને સૌર ઊર્જાથી સિંચાઈ અને ખેતીવાડી તેમજ આર્થિક સમૃદ્ધિનાં નવાં દ્વાર ખોલી આપતી મહત્ત્વપૂર્ણ કિસાન હિતકારી યોજના સૂર્યશક્તિ કિસાન યોજના - SKYની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની જાહેરાત કરતાં કહ્યું કે, ગુજરાતના ખેડૂતો બાવડાંના બળે અને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને ધરતીમાંથી સોનું ઉગાડવાની ક્ષમતા ધરાવે છે. રાજ્ય સરકારે ખેડૂતોને પૂરતી વીજળી, પાણી, ખાતર અને આધુનિક કૃષિજ્ઞાન આપીને કૃષિ વિકાસ દર ડબલ ડીઝીટે પહોંચાડ્યો છે. હવે, સૂર્યશક્તિનો ખેતી વપરાશ માટે ઊર્જા ઉત્પાદનમાં વિનિયોગ કરીને આ ધરતીપુત્રોને વધુ સિંચાઈ અને વધારાની વીજળીના વેચાણ દ્વારા આર્થિક સમૃદ્ધિ તરફ લઈ જવા આ નવતર યોજના શરૂ કરી છે.

મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા રાજ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આ સ્કાય યોજનાની ઉપયોગિતા અને વિશેષતાઓની વિસ્તૃત જાણકારી ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે આજે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.

ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની કિસાન હિતલક્ષી સંવેદનાની પરિપાટીએ રાજ્ય સરકારે જાહેર કરેલી SKY-સ્કાય યોજના વર્ષ ૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પમાં આ યોજના પૂરક બનવાની છે. ગુજરાતમાં સૌરશક્તિ-સૂર્યશક્તિનું મહત્તમ ઉત્પાદન વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતના તેમના મુખ્યમંત્રી પદ દરમ્યાન થયું છે. આ સૌરઊર્જાથી હવે રાજ્યના ધરતીપુત્રો ખેતીવિષયક વીજ ઉત્પાદન પોતાના જ ખેતરમાં જાતે જ કરીને તેનો ઉપયોગ સિંચાઈ માટે કરી શકે તેવો કિસાન હિતકારી આશય આ સ્કાય યોજનાનો છે તેમ ઊર્જા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી સૌરભભાઈ પટેલે આ સ્કાય યોજનાની વિશદ ભૂમિકા આપતાં જણાવ્યું કે, સ્કાય-સૂર્યશક્તિ કિસાન યોજના એ રાજ્યના ધરતીપુત્રો માટે વિકાસની ઊંચી ઉડાન બની રહેશે.

ખેડૂત અને રાજ્ય સરકાર બેય માટે વિન-વિન સિચ્યુએશન ઊભી કરનારી આ સ્કાય યોજનામાં ધરતીપુત્ર સોલાર પેનલ પોતાના ખેતરમાં લગાવીને જે સૌર ઊર્જા ઉત્પન્ન કરશે તેની પોતાના કૃષિવિષયક વપરાશની વીજળી બાદ વધેલી વીજળી રાજ્યની વીજ કંપનીઓને વેચાણથી આપશે અને તે માટે તેને વધારાની આવક પણ મળતી થશે.

ધરતીપુત્રો સ્કાય યોજનાનો લાભ લેવા માટે જે મૂડીરોકાણ કરશે તે રોકાણ તેને વધારાની વીજળીના વેચાણ દ્વારા ૮ થી ૧૮ માસમાં જ પરત મળી જશે તેમ પણ શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું. સમગ્ર દેશમાં આ અભિનવ યોજના અમલમાં મૂકવાનું ગૌરવ ગુજરાતને મળશે તેમ જણાવતાં ઊર્જા મંત્રીએ કહ્યું કે, આ સૌર ઊર્જાથી ખેડૂતના ખેતરમાં દિવસે પાણી મળતું થશે તેમજ ૧૨ કલાક વીજળી મળશે અને વધારાની વીજળી દ્વારા કમાણી પણ થશે. ઊર્જા મંત્રીશ્રીએ સૂર્યશક્તિ કિસાન યોજના SKYની વિશેષતાઓ વર્ણવતાં જણાવ્યું કે, રાજ્યમાં હાલ ખેડૂતોને જે ફીડર પરથી વીજળી મળે છે તે વીજ ઉત્પાદન માટે બિનપરંપરાગત સ્રોત કોલસો, ગેસ, વગેરેનો ઉપયોગ થાય છે. હવે સૌર ઊર્જાથી ખેડૂતને તેના ખેતરમાં જ સીધી આ સોલાર એનર્જી મળતી થતાં પ્રદૂષણમુક્ત સ્વચ્છ ઊર્જા તેને મળશે.

કૃષિ વીજજોડાણ ધરાવતા ખેડૂતો માટે આ મહત્ત્વપૂર્ણ યોજના બની રહેશે કેમ કે ખેડૂતના ખેતરમાં સૂર્યશક્તિથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે તેની માલિકી ખેડૂતોની રહેશે એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે સૂર્યશક્તિ કિસાન યોજનાની વિગતવાર રૂપરેખા આપતાં કહ્યું કે,

- કૃષિ વીજજોડાણ ધરાવતા ખેડૂતો માટેની આ કિસાન હિતકારી



યોજના છે. ● ખેડૂતોને તેમના ખેતરમાં સૂર્યશક્તિથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે. ● સ્કાય ફીડર પર અગાઉ કોઈ પણ ખેડૂતે અરજી નોંધણી કરાવેલ હોય અને આ યોજનામાં જોડાવા ઈચ્છે, તો તેને તત્કાળ ધોરણે વીજજોડાણ આપવામાં આવશે. ● ફીડર પર આવતા બધા ખેડૂતો આ યોજનામાં જોડાય એ વધુ ફાયદાકારક રહેશે. ● ખેડૂતોએ ઓછામાં ઓછી કુલ ખર્ચની પાંચ ટકા રકમ ભરપાઈ કરવાની રહેશે પરંતુ વધારે રકમ ભરવી હોય તો તે ભરી શકશે. જેટલી રકમ વધારે ભરશે તેટલી લોન ઓછી લેવાની થશે અને તેને કારણે આવક વધુ થશે. ● કેન્દ્ર અને રાજ્ય સરકાર ૬૦ ટકા રકમ સબસીડી પેટે ચૂકવશે. ● ખેડૂત વતી રાજ્ય સરકાર બાકીની ૩૫ ટકા રકમ સસ્તા વ્યાજની લોન પેટે લેશે. ● લોનનો સમયગાળો ૭ (સાત) વર્ષનો રહેશે. ● એક હોર્સ પાવર દીઠ સવા કિલોવોટની સોલાર પેનલ આપવામાં આવશે. (એટલે કે ૧૦ હો.પા.ના જોડાણ માટે ૧૨.૫ કિલોવોટની પેનલ અપાશે) ● પ્રતિ કિલોવોટ સોલાર ક્ષમતા મુજબ ૧૦ x ૧૦ ફૂટ જગ્યાની આવશ્યકતા રહેશે. ● જો કોઈ ખેડૂત વધારે કિલોવોટની પેનલ લગાવવા ઈચ્છતા હોય, તો નિયમોને આધીન રહી મંજૂરી અપાશે. ● વધારાની પેનલોથી ઉત્પન્ન થતી વીજળી રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટના દરથી ખરીદવામાં આવશે. અને તેના પર રાજ્ય સરકારની સબસીડી મળવાપાત્ર થશે નહીં.

● સ્કાય ફીડર દીઠ યોજનામાં જોડાતા ખેડૂતોની સમિતિ બનાવવાની રહેશે. ● સ્કાય ફીડર ઉપર દિવસે ૧૨ કલાક વીજળી મળશે, પરંતુ જે ખેડૂત આ યોજનામાં નહીં જોડાય તેને ૮ (આઠ) કલાક વીજ પુરવઠો મળશે. ● વીજળીનું જે ઉત્પાદન થાય અને વપરાશ કર્યા બાદ જે યુનિટ ગ્રીડમાં આવે તે યુનિટ દીઠ પહેલાં સાત વર્ષ માટે રૂા. ૭/- પ્રતિ યુનિટ ખેડૂતને ચૂકવવામાં આવશે. ● જે પૈકી રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટ વીજ વિતરણ કંપની ચૂકવશે. ● અને બાકીના રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટ (૧૦૦૦ યુનિટ પ્રતિ કિ.વો. પ્રતિ વર્ષની મર્યાદામાં) ખેડૂતને રાજ્ય સરકાર સબસીડી રૂપે ચૂકવશે. ● આવી કુલ રકમમાંથી ખેડૂતની લોનનો હપ્તો ભરપાઈ થયા બાદ જે બચત થશે તે ખેડૂતના બેન્ક ખાતામાં સીધી જમા કરાવવામાં આવશે. ● ૭ વર્ષનો લોનનો સમય પૂરો થયા બાદ બાકીનાં ૧૮ વર્ષ સુધી ગ્રીડમાં અપાતી વીજળીના પ્રતિ યુનિટ માટે ખેડૂતને વીજ વિતરણ કંપની દ્વારા રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટ ચૂકવવામાં આવશે.

આ મહત્ત્વપૂર્ણ યોજનાથી રાજ્યના કિસાનોને જે લાભ થવાના છે તેમાં ● વીજ બિલમાં રાહત મળશે. ● ગ્રીડમાં વધારાની વીજળી વેચવાથી ખેડૂતને કાયમી આવક મળશે. ● દિવસ દરમ્યાન ૧૨ કલાક વીજ પુરવઠો મળી રહેશે. ● લોન ભરપાઈ થયા પછી સોલાર સિસ્ટમની માલિકી ખેડૂતની થશે. ● સોલાર પેનલનો વીમો રાજ્ય સરકાર લેશે. ● સોલાર સિસ્ટમ માટે



૭ વર્ષ માટે ગેરંટી તથા મેઈન્ટેનન્સ એજન્સી દ્વારા કરવામાં આવશે. ● સોલાર પેનલની જગ્યા નીચેની જમીન પર પાક પણ લઈ શકાશે. પેનલની ઊંચાઈ વધારવી હોય તો પણ વધારી શકાશે.

ઊર્જા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે આ સ્કાય યોજનાના પાયલોટ પ્રોજેક્ટ તરીકે રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓના ૧૩૭ ફીડરનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં અત્યારે પાયલોટ પ્રોજેકટમાં સમાવિષ્ટ જે ૧૩૭ ફીડર દ્વારા ૧૨૪૦૦ ખેડૂતો વીજ પુરવઠો મેળવે છે અને ૧ લાખ ૪૨ હજાર હોર્સ પાવર વીજ ભાર વપરાય છે. આ સમગ્ર પાયલોટ પ્રોજેકટ અંદાજે રૂા. ૮૭૦ કરોડના ખર્ચે કાર્યાન્વિત થશે. તેમાં આ સૂર્યશક્તિ કિસાન યોજનાથી જે સૌર ઊર્જા ઉત્પન્ન થશે તે રાજ્યના ઊર્જા ક્ષેત્રે એક વિશેષ પહેલ બનશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

હવે, સૌર ઊર્જાશક્તિનો ખેતીવાડી વીજ ઉત્પાદન માટે વિનિયોગ રાજ્યનો ખેડૂત પોતાના જ ખેતરમાં વીજ ઉત્પન્ન કરીને કરી શકે તેવી આ સ્કાય-સૂર્યશક્તિ કિસાન યોજના ખેડૂતોના વ્યાપક હિતમાં ખુશાલી લાવનારી અને કૃષિવિકાસમાં નવીન ઊંચાઈઓ સર કરનારી બની રહેશે તેવો વિશ્વાસ પણ તેમણે દર્શાવ્યો હતો.

●

**સી.એમ. ડેશ બોર્ડ સરકારના વિભાગો-જિલ્લા-તાલુકાકક્ષાની કચેરીઓનું સીધા મોનિટરીંગનું અસરકારક ટૂલ**

# ટેક્નોલોજીના સુચારુ ઉપયોગથી ગુડ ગવર્નન્સનીઆગવી પહેલ થર્ડ આઈ ત્રીજું નેત્ર સી.એમ. ડેશ બોર્ડ બનશે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી




- સર્વેલન્સ સીસ્ટમ-કમાન્ડ કંટ્રોલ વોલથી રિયલ ટાઈમ મોનિટરિંગ શક્ય બનશે
- ૧૭૦૦ પેરામીટર્સ-ઈન્ડીકેટર્સનો સમાવેશ સી.એમ. ડેશ બોર્ડમાં કરાયો
- આગામી જુલાઈ માસના અંત સુધીમાં રાજ્યના બધા જ વિભાગો-જિલ્લા ડેટા બેઈઝ સાથે ડેશ બોર્ડમાં જોડાઈ જશે
- પ્રોજેકટ અમલીકરણ-ફોલોઅપ-સમયાવધિ માટે ડેશ બોર્ડ ઉપયુક્ત બનશે
- પ્રતિમાસ જિલ્લા વડાઓને ૮ થી ૧૦ ફોકસ પોઈન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા માર્ગદર્શન-મોનિટરિંગ-સમીક્ષા મુખ્યમંત્રી કાર્યાલય કક્ષાએથી થશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સી.એમ. ડેશ બોર્ડ દ્વારા સરકારના પબ્લિક ડિલિંગ વિભાગોનું સીધું મોનિટરિંગ મુખ્યમંત્રી કાર્યાલયથી થશે તેમ જણાવ્યું છે.

રાજ્ય સરકારના બધા જ વિભાગો અને જિલ્લા કચેરીઓ સહિત સમગ્ર સરકાર કમાન્ડ કન્ટ્રોલ વોલ ડેશ બોર્ડ સાથે જુલાઈ માસના અંત સુધીમાં જોડાઈ જશે એમ તેમણે જાહેર કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી નિવાસસ્થાને આ ડેશ બોર્ડની કામગીરીનું પ્રેઝન્ટેશન અને વિસ્તૃત વિવરણ પ્રચાર માધ્યમો સમક્ષ કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે બધા જ જિલ્લા કલેકટરો ડી.ડી.ઓ., એસ.પી.ને પ્રતિ માસ ૮ થી ૧૦ મુદ્દાઓ ફોકસ પોઈન્ટ તરીકે આપીને એ વિષયોમાં એમના જિલ્લાની સ્થિતિની સમીક્ષા કરાશે. આવા ફોકસ એરિયામાં શ્રેષ્ઠ દેખાવ માટેની હેલ્થી કોમ્પિટિશન થશે અને અધિકારીઓની એફિસિયન્સીનું સતત



મોનિટરિંગ પણ શક્ય બનશે. આના પરિણામે કાર્યદક્ષતા વધશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે આ ડેશ બોર્ડમાં હાલ ૧૭૦૦ જેટલા પેરામીટર્સ અને ઈન્ડીકેટર્સ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે અને તેના સંદર્ભમાં જિલ્લા તાલુકા વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા તલસ્પર્શી રીતે હાથ ધરીને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી ૩ કોલ આપી કામગીરી પૂર્ણ કરવાની સતત સૂચના અને દેખરેખ રખાય છે.

આ ડેશ બોર્ડ સરકારનું ત્રીજું નેત્ર બનીને પારદર્શિતાથી ટેક્નોલોજીના ઉપયોગથી ગુડ ગવર્નન્સનો નવીન પ્રયોગ બન્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સર્વેલન્સ સીસ્ટમથી રીયલ ટાઈમ મોનિટરિંગથી રાજ્યમાં કયા સ્થળે કઈ સ્થિતિ છે તે પણ મુખ્યમંત્રી સ્તરે જાણી શકાય છે.

તેમણે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં રાજ્યની સિદ્ધિ અને સ્થિતિ પણ આના દ્વારા જાણી શકાશે એમ કહીને ઉમેર્યું કે નેશનલ પેરામીટર્સમાં પણ મોનિટરિંગ કરીને ગુજરાત એમાં આગળ રહી સ્પર્ધા કરી શકે તે માટે પણ સજ્જ થઈ શકાશે.

શ્રી વિજયભાઈએ કહ્યું કે મોટા પ્રોજેક્ટના અમલીકરણ ફોલોઅપ સમયાવધિ વિશે પણ આ ડેશ બોર્ડ ઉપયુક્ત બનશે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે સી.એમ ડેશ બોર્ડ માર્ગદર્શક બનશે તે અનુસાર વિભાગો જિલ્લાઓ કામગીરી કરશે.

રાજ્યના વિવિધ વિભાગોની આઈ.ટી. ટીમ અને ડેશ બોર્ડના સંકલનથી આ પદ્ધતિને વધુ પરિણામલક્ષી બનાવાશે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ડેશ બોર્ડની જિલ્લા સ્તરની સ્થિતિનું પણ જીવન્ત નિદર્શન આ વેળાએ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે લોકોના કામ ઝડપથી થાય, સરકારે નક્કી કરેલા પ્રોજેક્ટો ઝડપથી પૂરા થાય. યોજનાઓનો લાભ નીચે સુધી પહોંચે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ડિપાર્ટમેન્ટ નીચે કલેક્ટર, ડી.ડી.ઓ. અને તાલુકા સુધી એક કનેક્ટિવિટી ઊભી થાય, જેથી કરીને દરેક યોજના, દરેક નિર્ણય, દરેક અરજીઓનું ચેકીંગ થાય અને સમયસર એ બધી અરજીઓનો નિકાલ પણ થાય એટલા માટે સીએમ ડેશબોર્ડનું નિર્માણ કરવામાં આવ્યું છે.

જુલાઈના અંત સુધીમાં તમામ ડેટા અંદર ઈન્વોલ્વ થઈ જશે અને ઓગષ્ટથી આપણે વહિવટી રીતે, અનુકૂળતાની સાથે નિશ્ચિત લક્ષ્યાંક સાથે તમામ જિલ્લા એક સાથે આગળ વધશે અને આપણે ધાર્યા લક્ષ્યાંકો પૂરા પાડી શકીશું અને ગુજરાતની સાડા છ કરોડ જનતાના વ્યક્તિગત પ્રશ્નો, સામૂહિક પ્રશ્નો અને એના નિરાકરણ પણ આપણે ઝડપથી ગાંધીનગર બેઠા કરી શકીશું એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

ડેશ બોર્ડની ફોલોઅપની વિગતો આપતાં તેમણે કહ્યું કે, સી એમ ડેશ બોર્ડ ઓફિસમાંથી પહેલાં અમારા કર્મયોગી કર્મચારી દ્વારા ફોલોઅપ થશે. પેન્ડન્સી કેટલી છે એ દેખાડવામાં આવશે. પછી મહિના પછી અધિકારી સેક્રેટરી લેવલથી ફોલોઅપ થશે. અને એમાં પણ જો સુધારો નહિ આવે તો સીધું મુખ્યમંત્રી કક્ષાએ નિર્ણય અને ફોલોઅપ થશે. પછી એક્શન ટેકન પણ થશે. એનું નિરાકરણ ઝડપથી ગાંધીનગરથી થશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે જે વિભાગો-કચેરીઓ પ્રજાજીવન સાથે સીધા જ જોડાયેલાં છે ત્યાં અરજદારો-રજૂઆતકર્તાઓની રજૂઆતનો જો ત્વરિત નિકાલ ન થાય તો સરકાર જનસમસ્યા નિવારણ માટે કામ કરતી નથી એવી છાપ ઊભી થતી હોય છે.

આ સંદર્ભમાં સી.એમ. ડેશ બોર્ડ એવું અસરકારક ટૂલ બન્યું છે કે, જિલ્લા-તાલુકા સ્તરે આવી અરજીઓની રિયલ સ્થિતિ, પેન્ડન્સીની વિગતો, તુમારનાં કારણો સીધા જ મુખ્યમંત્રી કક્ષાએથી જાણીને યોગ્ય નિકાલ માટે મોનિટરિંગ થઈ શકશે.


શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરની ચિંતન શિબિરમાં આ સી.એમ. ડેશ બોર્ડના પ્રેઝન્ટેશન અને ચર્ચા સત્રને મળેલા આવકાર તેમજ અધિકારીઓ-મંત્રીઓના મળેલા સમર્થનને પગલે આ ડેશ બોર્ડનો વ્યાપ વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે તેની પણ વિશદ ભૂમિકા આપી હતી.

આ સી.એમ. ડેશ બોર્ડના ડેટા બેઈઝથી લઈને સોફ્ટવેર ડેવલપમેન્ટ સુધીની બધી જ પ્રક્રિયા મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ઈન હાઉસ વિકસાવવામાં આવી છે તે માટે તેમણે કર્મયોગીઓની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

•

## નવી દિલ્હી ખાતે હેલ્થ મિનિસ્ટર કોન્કલેવ-૨૦૧૮

# 'મુખ્યમંત્રી અમૃતમ્' (મા) અને 'મા વાત્સલ્ય' યોજનાની સફળતાના આધારે 'આયુષ્યમાન ભારત' યોજનાનું અમલીકરણ કરવા ગુજરાત કટિબદ્ધ - શ્રી નીતિનભાઈ પટેલ



નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 'આયુષ્યમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશન' યોજનાના અમલીકરણ માટે વિવિધ રાજ્યોના આરોગ્ય મંત્રીશ્રીઓના બોલાવેલ કોંકલેવ - ૨૦૧૮માં ભાગ લેતાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારે વર્ષ-૨૦૧૨માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 'મુખ્યમંત્રી અમૃતમ્' (મા) યોજના હેઠળ ૪૦ લાખ બીપીએલ પરિવારોને આવરી લેવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે આ યોજના કાર્યાન્વિત કરી હતી, જેમાં એપ્રિલ ૨૦૧૮ સુધીમાં ૧૦.૨૪ લાખ લાભાર્થીઓને કુલ ૧૪૫૦.૩૬ કરોડ દાવાની રકમની ચુકવણી કરવામાં આવી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી.નડ્ડાએ 'આયુષ્યમાન ભારત' હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદોને હેલ્થ ઈન્સ્યુરન્સ નીચે આવરી લેવા માટે રાજ્યોનાં સૂચનો મેળવવા બોલાવેલ બેઠકને સંબોધતાં શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે ૨૦૧૪ની સાલથી 'મા વાત્સલ્ય' યોજનામાં વ્યાપક વધારો કરી મધ્યમ વર્ગોના લોકો કે જેઓની આવક ૩ લાખથી ઓછી છે તેવા પરિવારોને પણ વિવિધ રોગોની સારવાર મળી શકે તે માટે આવરી લેવામાં આવ્યા છે અને આવા પરિવારોમાંથી કોઈપણ વ્યક્તિ બીમાર પડે અથવા સારવારની તાત્કાલિક જરૂરિયાત ઊભી થાય તો રાજ્યની ૧૮૫ ખાનગી અથવા સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર લઈ શકે છે. અને આવી સારવાર પાછળ રાજ્ય સરકાર દર વર્ષે રૂ.૬૫૦ કરોડથી રૂ.૭૦૦ કરોડનો ખર્ચ કરી રહી છે. કોઈ પરિવારમાં સિનીયર સિટીઝન હોય તો રૂ. ૬ લાખની મર્યાદિત આવકવાળા પરિવારોને પણ આવરી લેવામાં આવ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ભારત સરકારની 'આયુષ્યમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશન' યોજનાની નીચે સમગ્ર દેશના ૫૫ કરોડ લોકોને આવરી લેવાની યોજના છે તે અંગે સૂચન કરતાં શ્રી પટેલે કહ્યું હતું કે આ યોજના હેઠળ ઈન્સ્યોરન્સ માટે યોગ્ય કાળજી લઈને યોજનાની ડિઝાઈન તૈયાર કરવી જોઈએ, જેથી દર્દીઓને સરળતાથી અને સમયબદ્ધ રીતે સારવાર મળી શકે તેમજ ગેરરીતિ માટે અવકાશ ન રહે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી અમૃતમ્ (મા) અને 'મા વાત્સલ્ય' યોજનાની સફળતાના આધારે 'આયુષ્યમાન ભારત'નું અમલીકરણ કરવા ગુજરાત સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

આયુષ્યમાન ભારત નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશનના અમલીકરણ હેઠળ રાજ્ય સરકારે ભારત સરકાર સાથે એક એમ. ઓ. યુ. સાઈન કર્યું હતું.

•

# ભાજપા શાસિત જિલ્લા પંચાયતો યથાવત્ અને કોંગ્રેસ શાસિત પાંચ જિલ્લા પંચાયતો પર પણ ભાજપાનું કમળ ખીલ્યું - શ્રી જીતુભાઈ વાઘાણી




ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, બીજી ટર્મ માટે પ્રમુખ - ઉપપ્રમુખની વરણીની ચૂંટણીમાં ભાજપાએ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. ભાજપા શાસિત જિલ્લા પંચાયતો યથાવત્ રહી છે અને કોંગ્રેસ શાસિત પાંચ જિલ્લા પંચાયતો પર પણ ભાજપાનું કમળ ખીલ્યું છે. આમ, ૧૩ જિલ્લા પંચાયતો અને ૧૧૪ તાલુકા પંચાયતો પર ભાજપાનું શાસન પ્રસ્થાપિત થયું છે. ભાજપાએ જિલ્લા પંચાયતો તેમજ તાલુકા પંચાયતો કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. અમદાવાદ, પાટણ, મહીસાગર, દાહોદ અને ભાવનગર જિલ્લા પંચાયતમાં ભાજપાનો ભગવો લહેરાયો છે. ખેડૂત, આદિવાસી, બક્ષીપંચ સમાજના વિસ્તારોમાં પણ ભાજપાની જીત એ રાજ્યમાં આવનારા દિવસોમાં દિશાસૂચક છે. કોંગ્રેસની સ્થિતિ સાવ કથળી ચૂકી છે. રાજ્યની પ્રજાને કોંગ્રેસ પર ભરોસો રહ્યો નથી અને સાથે સાથે કોંગ્રેસના ચિહ્ન પર ચૂંટાયેલ કોંગ્રેસના સભ્યોને પણ કોંગ્રેસના નેતૃત્વમાં વિશ્વાસ રહ્યો નથી. વિકાસના બદલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભ્રષ્ટાચારમાં રાચતી કોંગ્રેસના ગાલ પર તમતમતો તમાચો પડ્યો છે. કોંગ્રેસ પાસે કોઈપણ પ્રકારનું નક્કર આયોજન નથી, કોંગ્રેસ માટે ફક્ત સત્તા જ સર્વોપરી છે, માટે કોંગ્રેસના સભ્યોને લાગ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારની લોકકલ્યાણકારી નીતિઓ અને પ્રજાલક્ષી કાર્યો સાથે જોડાઈને જનસેવાનાં કાર્યો કરવા માટે ભાજપા સાથે જોડાવું પ્રજાહિતમાં યોગ્ય છે. પ્રજાના રોષને પારખીને ભાજપાની વિકાસલક્ષી રાજનીતિને કોંગ્રેસના સભ્યોએ સમર્થન આપ્યું તે બદલ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ તમામ સભ્યોને આવકાર્યા હતા.

શ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસના આક્ષેપોને ફગાવતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પોતાના સભ્યોને જાળવી શકતી નથી. માટે તેમને જિલ્લા પંચાયત - તાલુકા પંચાયત ગુમાવવાનો વારો આવ્યો છે. કોંગ્રેસની સત્તામાં ક્યાંય સેવાનો ભાવ આવતો નથી. ભાજપાએ ક્યારેય પણ તોડજોડની કે લોકશાહી વિરુદ્ધની રાજનીતિ કરી નથી. કોંગ્રેસે હંમેશા સત્તાની રાજનીતિ કરી છે. કોંગ્રેસે ચીફ સેક્રેટરી કે ડીજીપીને પત્ર લખ્યો તેની જગ્યાએ પોતાના સભ્યોને પત્ર લખ્યો હોત તો સારું હતું. નેતૃત્વ વિહોણી કોંગ્રેસ ક્યારેક ઈવીએમ મશીન પર, ક્યારેક તંત્ર પર, ક્યારેક ભાજપા પર આરોપ લગાવે છે પણ આજે એવી સ્થિતિ સર્જાઈ છે કે કોંગ્રેસે પોતાના સભ્યો પર આરોપો લગાવવા પડ્યા છે. હારનું ઠીકરું બીજા પર ફોડવાને બદલે કોંગ્રેસે આત્મચિંતન કરવાની જરૂર છે. કોંગ્રેસમાં માત્ર ને માત્ર આતંરિક વિગ્રહ છે માટે કોંગ્રેસ પોતાને મળેલ સત્તા પણ સંભાળી શકતી નથી. અઢી વર્ષની ટર્મ સામે સવા વર્ષે પ્રમુખ - ઉપપ્રમુખ બદલીશું એવું કહીને સોદા કરનાર કોંગ્રેસ કયા મોઢે લોકશાહીની વાતો કરે છે. આ અગાઉ પણ તમામ નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની પેટાચૂંટણીઓમાં

પણ ભાજપાનો ભવ્ય વિજય થયો હતો, સરપંચોની ચૂંટણીમાં પણ ૮૦ ટકાથી વધુ સરપંચો ભાજપા સમર્થિત ચૂંટાયા છે.

તેમણે કોંગ્રેસને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ કયા મોઢે ગામડાં, ખેડૂત, ગરીબોની વાત કરે છે ? કોંગ્રેસે પોતાના શાસન દરમ્યાન ક્યાંય શુદ્ધ પીવાનું પાણી, ૨૪ કલાક વીજળી, ગ્રામીણ નિશાળો, ગ્રામીણ શિક્ષકો, ગામડાંઓમાં રોડ-રસ્તા કે ગામડાંઓમાં સેનિટેશનની સુવિધાઓ આપી હોય તો બતાવે. કોંગ્રેસના શાસનમાં ગામડું ભયભીત હતું, ગુંડાગીરીથી ત્રસ્ત હતું, ગ્રામજનો અને ખેડૂતો કોંગ્રેસના શોષણનો ભોગ બનતાં હતાં. રાજ્યની પ્રજાને હવે અહેસાસ થવા લાગ્યો છે કે, તેઓ વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસના ધારાસભ્યોને ચૂંટીને ખૂબ મોટી ભૂલ કરી બેઠા છે. આજે નાપાસ થયેલા લોકો પાસ થયેલ ભાજપાને સર્ટિફિકેટ આપવા નીકળ્યા છે ત્યારે ''ઠોઠ નિશાળિયા અને વતરણા ઝાઝા'' આ ઉક્તિ સચોટ સાચી ઠરે છે.

ભાજપાનું શાસન હોય કે ના હોય સમગ્ર રાજ્યના વિકાસની ભાજપા સતત ચિંતા કરતી રહી છે અને ભવિષ્યમાં પણ રાજ્યને નવી ઊંચાઈએ લઈ જવા કટિબદ્ધ છે. કોંગ્રેસે આંતરિક કલહમાંથી બહાર આવી ભાજપાની સાથે મળીને રાજ્યના વિકાસમાં સહભાગી થવું જોઈએ તેમ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

•



## કાશ્મીરની સમસ્યા એ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની દેન છે



### ભાજપાએ સૈનિકોને છૂટો દોર આપ્યો છે અને સેના, પેરામિલિટરી ફોર્સ, જમ્મુ કાશ્મીરની પોલીસે ઘાટીમાં ખૂબ જ સરાહનીય કામ કર્યું છે

જમ્મુ કાશ્મીરમાં સરકારને ટેકો પાછો ખેંચવામાં આવ્યો છે તે અંગે સંબોધન આપતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશના હિતના ભોગે ભાજપાએ ક્યારેય સમાધાન કર્યું નથી અને ભવિષ્યમાં પણ નહીં કરે. જમ્મુ કાશ્મીરમાં અમારી ગઠબંધનની સરકાર હતી. આતંકવાદને અટકાવવાનો સંપૂર્ણ પ્રયાસ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યો છે. જેહાદીઓને અટકાવવા, આતંકવાદીઓને નાથવા દેશના સૈન્યએ જે પ્રયાસ કર્યો છે તે અભિનંદનીય છે, પરંતુ આ પ્રયાસને અભિનંદન આપવાને બદલે વિરોધીઓ તેની ટીકા-ટિપ્પણી કરે તે દેશના નાગરિકો જોઈ રહ્યા છે. સૈન્યના પ્રયાસ થકી આતંકવાદીઓનો સફાયો કરવામાં સરકાર સફળ રહી છે. તો શા માટે વિરોધીઓના પેટમાં તેલ રેડાય છે તે સમજાતું નથી. કાશ્મીરની સમસ્યા એ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની દેન છે તે આખું વિશ્વ જાણે છે. કોંગ્રેસ માત્ર સત્તા માટે રાજનીતિ કરે છે. ભાજપાએ સૈનિકોને છૂટો દોર આપ્યો છે અને સેના, પેરામિલિટરી ફોર્સ, જમ્મુ કાશ્મીરની પોલીસે ઘાટીમાં ખૂબ જ સરાહનીય કામ કર્યું છે. રાજ્યને આતંકવાદીઓ કોરી ખાતા હોઈ તેને બચાવવા માટે સૈન્યને છૂટો દોર આપવામાં આવ્યો છે પરંતુ કોંગ્રેસને તેની પણ તકલીફ છે. કોંગ્રેસે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશભક્તિના પાઠ શીખવવાની જરૂર નથી. દેશભક્તિ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની રગેરગ અને રોમેરોમમાં છે.

ગઠબંધનને લઈને એક પ્રશ્નના જવાબમાં શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપા માટે સત્તા એ સેવાનું સાધન છે. જ્યાં સુધી આતંકવાદી પ્રવૃત્તિઓ પર બ્રેક મારી શકાતી હતી ત્યાં સુધી અમે ગઠબંધનની સરકાર ચલાવી છે. પરંતુ હવે અમારી ઉપરવટ જવાના પ્રયાસો, દેશના અહિતના પ્રયાસો થયા તે માટે અમોએ સત્તાને ઠુકરાવવાનું વધુ યોગ્ય સમજ્યું હતું. જમ્મુ કાશ્મીરમાં આતંકી પ્રવૃત્તિઓ પર જે બ્રેક લાગી છે તે ભાજપાના કારણે લાગી છે. સૈન્યને છૂટો દોર, જરૂર પડ્યે તહેવારો દરમ્યાન સીઝફાયર, સર્જિકલ સ્ટ્રાઈક તેનાં ઉદાહરણ છે. ભાજપાના કારણે સૈન્યનું મનોબળ ખૂબ વધ્યું છે ત્યારે કોંગ્રેસે એલફેલ નિવેદનો આપીને સૈન્યનું મનોબળ તોડવાનો પ્રયાસ ન કરવો જોઈએ. કાશ્મીરની તમામ પરિસ્થિતિ દેશની જનતાની સામે છે. કેન્દ્રની સરકાર તેમજ ભાજપાની ગઠબંધનની રાજ્ય સરકારે કાશ્મીરની શાંતિ સલામતી માટે બનતા બધા જ પ્રયત્નો કર્યા છે.



**અમદાવાદ ખાતે યોજાઈ રાજ્યકક્ષાની ઉજવણી : હજ્જારો નાગરિકોએ કર્યું સામૂહિક યોગ નિદર્શન**

# વિશ્વને તણાવમુક્ત બનાવી વિશ્વકલ્યાણ અને બન્ધુત્વભાવની આત્મિક ચેતના જગાવવાનો માર્ગ યોગસાધનાએ બતાવ્યો છે - શ્રી વિજયભાઈ રૂપાણી




વિશ્વ યોગ દિનની રાજ્યકક્ષાની ઉજવણી અમદાવાદ ખાતે યોજાઈ હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂને ઊજવાતા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ યોગ દિવસની રાજ્ય ઉજવણીમાં સહભાગી થતાં જણાવ્યું કે દુનિયાને તનાવમુક્તિ, વિશ્વકલ્યાણ અને તે દ્વારા વિશ્વ બન્ધુત્વભાવની આત્મિક ચેતના જગાવવાનો માર્ગ ભારતીય સનાતન સંસ્કૃતિની યોગસાધનાએ બતાવ્યો છે. રાજ્યમાં ૭૫ લાખ નાગરિક ભાઈબહેનો, બાળકો સામૂહિક યોગસાધનામાં જોડાયાં છે તેની સરાહના કરતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ યોગદિવસને વિશ્વખ્યાતિ અપાવવાનું શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આપ્યું હતું. •

**ઈન્ટરનેશનલ એલાયન્સ ઓફ યોગા થેરાપિસ્ટનો યોગ ચિકિત્સા અંગે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો**


## યોગ એ આત્માથી પરમાત્મા સુધી લઈ જતો ભારતીય સંસ્કૃતિએ પ્રશસ્ત કરેલો માર્ગ છે - શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વાસપૂર્વક જણાવ્યું કે, યોગ આત્માથી પરમાત્મા સુધી લઈ જતો ભારતીય સંસ્કૃતિએ પ્રશસ્ત કરેલો માર્ગ છે. યોગ એ વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલી ચિકિત્સા પદ્ધતિ છે જેનો સમગ્ર વિશ્વ સાક્ષાત્કાર કરી રહ્યું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ઈન્ટરનેશનલ એલાયન્સ ઓફ યોગા થેરાપિસ્ટના યોગ ચિકિત્સા અંગે રાષ્ટ્રીય પરિસંવાદને સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, યોગ શરીર, મન, બુદ્ધિ અને આત્માને શુભ ભાવમાં લઈ જતો અદ્ભુત માર્ગ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અન્ય સંસ્કૃતિઓમાં ફક્ત શારીરિક ક્રિયાઓને સ્થાન છે જ્યારે ભારતીય સંસ્કૃતિ મનથી આત્મા અને આત્માથી પરમાત્મા સુધીના ઐક્યના અનુસંધાનનું દર્શન કરાવે છે. દુનિયા આખી ૨૧મી જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી રહી છે તેનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી યોગને વૈશ્વિક સ્વીકૃતિ મળી છે અને ભારતનું માન-સન્માન યોગને લીધે વધ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ઋષિ-મુનિઓએ યોગની વિરાસત આપણને વારસામાં આપી છે, જેના વડે સમગ્ર દુનિયા તંદુરસ્ત અને તણાવમુક્ત બની રહી છે. સારા ભાવ અને સારા વિચાર સાથે સહઅસ્તિત્વનો સ્વીકાર કરીને સૌને સન્માન આપવાના ભાવ સાથે યોગ સુસંસ્કૃત સમાજરચનામાં ચોક્કસ યોગદાન આપશે. તેમણે કહ્યું કે, દુનિયાને યોગનું ઘેલું લાગ્યું છે ત્યારે યોજાયેલ પરિસંવાદથી યોગના નવા દૃષ્ટિકોણનો આવિર્ભાવ થશે અને તેના દ્વારા ધ્યાનથી સમાધિ અને સમાધિથી મોક્ષની ભારતીય સંસ્કૃતિની કલ્પના સાકાર થશે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, યોગ એ રોગ ભગાવવા સાથે સૌને શાંતિ અને સ્થિરતાનો અનુભવ કરાવે છે. તેમણે યોગ થેરાપિસ્ટોનું મોમેન્ટો આપીને સન્માન પણ કર્યું હતું.

# પ્રખર દેશભક્ત ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી

## (૬ જુલાઈ ૧૯૦૧ - ૨૩ જૂન ૧૯૫૨)



ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી મહાન શિક્ષણવિદ્, ચિંતક અને ભારતીય જનસંઘના સ્થાપક હતા. ભારતવર્ષની જનતા તેમને એક પ્રખર રાષ્ટ્રવાદી તરીકે ઓળખે છે. દેશના કરોડો લોકોના મનમાં એક નિરભિમાની, દેશભક્ત તરીકેની તેમની છબી અંકિત છે. તેઓ આજે પણ બુદ્ધિજીવીઓ અને મનીષીઓના આદર્શ છે. તેઓ આજે પણ કરોડો ભારતવાસીઓના મનમાં એક પથપ્રદર્શક તથા પ્રેરણાપુંજના રૂપમાં સમાયેલા છે.

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી એક અનુભવી રાજનીતિજ્ઞ હતા. તેમના જ્ઞાન, પ્રતિભા અને સ્પષ્ટવાદિતાના કારણે તેમના મિત્રો અને શત્રુઓ બધા જ તેમનો આદર કરતા હતા. પરંતુ આપણું એ દુર્ભાગ્ય છે કે ભારતે સ્વતંત્રતાના શરૂઆતના ચરણમાં જ એક મહાન સપૂતને ગુમાવી દીધા.

ડૉ. મુખર્જીનો જન્મ ૬ જુલાઈ, ૧૯૦૧ના રોજ એક પ્રસિદ્ધ બંગાળી પરિવારમાં થયો હતો. તેમના પિતા સર આશુતોષ બંગાળના એક જાણીતા વ્યક્તિ હતા. ડૉ. મુખર્જીએ કલકત્તામાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. તેઓ ૧૯૨૩માં સેનેટના સભ્ય (ફેલો) બની ગયા. તેમણે પોતાના પિતાના મૃત્યુ બાદ સન ૧૯૨૪માં કલકત્તા ન્યાયાલયમાં એક એડ્વોકેટના રૂપમાં નામ નોંધાવ્યું. તેઓ ૧૯૨૬માં 'લિંકન્સ ઈન'માં અધ્યયન કરવા માટે ઈંગ્લેંડ ચાલ્યા ગયા અને ૧૯૨૭માં બેરિસ્ટર બની ગયા.

૩૩ વર્ષની ઉંમરે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં વિશ્વના સૌથી નાની ઉંમરના તેઓ કુલપતિ બન્યા, અને સન ૧૯૩૮ સુધી આ પદ પર સેવા આપી. તેઓ કલકત્તા યુનિ.નું પ્રતિનિધિત્વ કરતાં કોંગ્રેસી ઉમેદવારના રૂપમાં બંગાળ વિધાનસભા પરિષદના સદસ્ય તરીકે ચૂંટાયા, પરંતુ તેમણે પછીના વર્ષે આ પદ પરથી ત્યાગપત્ર આપી દીધો, જ્યારે કોંગ્રેસે વિધાનમંડળનો બહિષ્કાર કર્યો હતો. તેમણે પછીથી સ્વતંત્ર રીતે ચૂંટણી લડી અને ચૂંટાયા.

પંડિત નહેરુએ તેમને કેન્દ્ર સરકારમાં ઉદ્યોગ તથા આપૂર્તિ મંત્રી તરીકે સામેલ કર્યા. ડૉ. મુખર્જીએ લિયાકત અલી ખાન સાથે દિલ્લી સમજોતાના મુદ્દા પર ૬ એપ્રિલ ૧૯૫૦ના રોજ મંત્રીમંડળમાંથી રાજીનામું આપી દીધું. ડૉ. મુખર્જીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી ગુરુ ગોલવલકરજી સાથે પરામર્શ કરીને ૨૧ ઑક્ટોબર, ૧૯૫૧ના રોજ દિલ્લીમાં ભારતીય જનસંઘનો પાયો નાખ્યો અને તેઓ તેના પહેલા અધ્યક્ષ બન્યા. સન ૧૯૫૨ની ચૂંટણીઓમાં ભારતીય જનસંઘે સંસદમાં ૩ બેઠકો જીતી, જેમાં એક બેઠક પર શ્રી મુખર્જી જીતીને આવ્યા હતા. તેમણે સંસદમાં રાષ્ટ્રીય જનતાંત્રિક પાર્ટી બનાવી, જેમાં ૩૨ સદસ્યો લોકસભાના તથા ૧૦ સદસ્યો રાજ્યસભાના હતા.

ડૉ. મુખર્જી જમ્મુ-કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવા માગતા હતા. તે વખતે જમ્મુ-કાશ્મીરનો ઝંડો અલગ હતો, અલગ સંવિધાન હતું, ત્યાંના મુખ્યમંત્રીને પ્રધાનમંત્રી કહેવાતા હતા. ડૉ. મુખર્જીએ જોરદાર નારો આપ્યો કે 'એક દેશમેં દો નિશાન, એક દેશ મેં દો પ્રધાન, એક દેશમેં દો વિધાન, નહીં ચલેંગે, નહીં ચલેંગે.'

સંસદમાં પોતાના ઐતિહાસિક ભાષણમાં ડૉ. મુખર્જીએ ધારા-૩૭૦ને નાબૂદ કરવા માટે જોરદાર વકીલાત કરી હતી. ડૉ. મુખર્જીએ સંસદમાં સ્પષ્ટ રીતે કહ્યું કે જમ્મુ-કાશ્મીરને ભારતથી અલગ કરવાની સાજિશ થઈ રહી છે. પંડિત નહેરુએ ડૉ. મુખર્જી પર જ શંકા વ્યક્ત કરી. કોઈ પણ સમજાવટ અથવા રસ્તો ના દેખાતાં ડૉ. મુખર્જીએ વગર પરમિટે જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશવાનો ફેંસલો કરી લીધો. તેમની આ ઘોષણામાં દેશની અખંડતા માટે બલિદાન આપવાનો જુસ્સો સ્પષ્ટ રીતે ઝળકતો હતો.

૯ મે, ૧૯૫૩ના રોજ સવારે ૬.૩૦ વાગ્યે ડૉ. મુખર્જી રેલગાડીમાં પોતાના કેટલાક સાથીઓ સાથે જમ્મુ-કાશ્મીર જવા માટે રવાના થયા, પરંતુ જ્યારે તેઓ પોતાના સાથીઓ સાથે જમ્મુની સીમા રાવી નદીના કિનારે લખનપુર પહોંચ્યા તો કાશ્મીર પોલીસે તેમને ગિરફતાર કરી લીધા. ૨૩ જૂન ૧૯૫૩ના રોજ સંદિગ્ધ પરિસ્થિતિઓમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું મૃત્યુ થયું. સત્ય તો એ છે કે ડૉ. મુખર્જીએ ભારત વિરોધી, વિઘટનકારી અને પાકિસ્તાનપરસ્ત શક્તિઓનો સામનો કર્યો. ભારતમાના મુકુટ કાશ્મીરને પાકિસ્તાનના ભરડામાં જતું રોકવામાં તેઓ સફળ થયા. અખંડ ભારત માટે વીરગતિ પ્રાપ્ત કરનારા શહીદ ડૉ. મુખર્જીએ એ સાબિત કરી દીધું કે જો ભારતની જનતા અને નેતા એક સાથે મળીને દેશદ્રોહીઓનો પ્રતિકાર કરે તો વિદેશ પ્રેરિત શક્તિઓ અવશ્ય નષ્ટ થશે.

## રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં બે દિવસીય ચિંતન શિબિર




### કોંગ્રેસ પોષિત વિરોધી તત્ત્વો સામૂહિક રીતે જ્ઞાતિ-જાતિ વચ્ચે વેર-ઝેર ફેલાવી જ્ઞાતિઓને છેતરવા નિકળ્યા છે. સામાજિક સમરસતાનો માહોલ રાજ્યમાં ન બગડે તેની કાળજી ભાજપા રાખી રહી છે - શ્રી જીતુભાઈ વાઘાણી

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ બે દિવસીય ચિંતન શિબિર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી લોકસભાની ચૂંટણીઓ તે કોઈ સામાન્ય ચૂંટણી નહીં પરંતુ ભારતના સાર્વભૌમત્વની ચૂંટણી છે. આસપાસના દુશ્મન દેશ હોય કે વિશ્વના પ્રતિસ્પર્ધી દેશોને પહોંચી વળવા માટે ફરી એક વખત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારનું શાસન આવશ્યક બન્યું છે. આ સાર્વભૌમત્વની લડાઈમાં ભાજપા ચોક્કસ જીતશે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશભરમાં ૨૫ જૂન એ લોકશાહીના કાળા દિવસ તરીકે મનાવવામાં આવે છે. સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા બચાવવા ગેરબંધારણીય રીતે દેશમાં કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી. કટોકટીના આ કારમા કાળ દરમ્યાન સત્તાની ભૂખ અને લાલસા માટે ન્યાયતંત્ર, લોકતંત્ર અને મીડિયાને બાનમાં લઈ લાખો નિર્દોષોને જેલમાં પૂરવાનું કામ કર્યું હતું તે દેશની જનતા આજે પણ ભૂલી શકી નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત ભાજપાની ચિંતન બેઠક બે દિવસથી એસજીવીપી અમદાવાદ ખાતે આધ્યાત્મિક વાતાવરણમાં યોજાઈ રહી છે. કુદરતે આશીર્વાદ આપતાં સમગ્ર ગુજરાતમાં વરસાદી વાતાવરણનો માહોલ સર્જાયેલ છે. આગામી ૨૦૧૯ની ચૂંટણીના સંદર્ભમાં વિગતવાર ચર્ચા આ ચિંતન બેઠકમાં હાથ ધરવામાં આવી છે. ભાજપા માટે પ્રજા કેન્દ્રસ્થાને છે. પ્રજાહિતનાં કામો કરીને, કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ થકી અને જનતા-જનાર્દનના આશીર્વાદ થકી પુનઃ ફરી એક વખત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનવા જઈ રહી છે. ગુજરાતમાં ૨૬માંથી ૨૬ લોકસભાની બેઠકો જીતવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે અને તમામ સંગઠનાત્મક પાસાંઓની વિશેષ છણાવટ કરવામાં આવી છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સમયાંતરે ચિંતન બેઠક યોજવી એ ભાજપાની વ્યવસ્થા અને પરંપરા રહી છે. કોંગ્રેસ અપપ્રચારો કરી જુઠ્ઠાણાં ફેલાવી ધર્મસંપ્રદાયના નામે માત્ર ને માત્ર સત્તાની લાલસા માટે વર્ગ-વિગ્રહ ફેલાવે છે. તેને ખાળવાનું કામ ભાજપા કરી રહી છે. દેશ અને ગુજરાતની પ્રજા કોંગ્રેસનાં કાળાં કરતૂતોને બરાબર ઓળખી ગઈ છે. ગુજરાતમાં સતત છઠ્ઠી વખત જનતા જનાર્દને આશીર્વાદ આપીને ભાજપાને સેવા કરવાનો મોકો આપ્યો છે. સામાજિક સમરસતા એ ભાજપાની પ્રાથમિકતા છે. કોંગ્રેસ પોષિત વિરોધી તત્વો સામૂહિક રીતે જ્ઞાતિ-જાતિ વચ્ચે વેર-ઝેર ફેલાવી જ્ઞાતિઓને છેતરવા નીકળ્યા છે. સામાજિક સમરસતાનો માહોલ રાજ્યમાં ન બગડે તેની કાળજી ભાજપા રાખી રહી છે.

રાષ્ટ્રીયતા એ જ અમારી પ્રાથમિકતા છે, તેમ કહેતાં શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશદાઝ અને રાષ્ટ્રીયતા એ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રોમે-રોમમાં સમાયેલ છે. આવનારી ચૂંટણીઓ એ રાષ્ટ્રીયતા માટે એટલે કે નેશન ફર્સ્ટ માટેની છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, ચિંતન શિબિર અંતર્ગત અલગ-અલગ સત્રોમાં સાંપ્રત, ભૌગોલિક, સામાજિક પરિસ્થિતિઓનું અવલોકન કરવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી ગરીબલક્ષી યોજનાઓ તળ-ધરતી સુધી વિવિધ પ્રકારના કાર્યક્રમો થકી પહોંચાડી શકાય તે અંગેનું આકલન અને સંકલન કરવામાં આવ્યું હતું. પ્રજા કલ્યાણના વિવિધ કાર્યક્રમો લઈને સતત પ્રજાની વચ્ચે જવું એ ભાજપાનો સ્વભાવ રહ્યો છે. માત્ર ને માત્ર ચૂંટણીઓ સમયે પ્રજાની વચ્ચે જઈને સમાજમાં ભાગલા પાડવા એ કોંગ્રેસની નીતિ-રીતિ રહી છે. ભાજપા લાંબા ગાળાનાં આયોજનો પ્રજાકલ્યાણ માટે કરે છે. ચિંતન શિબિર દરમ્યાન થયેલી ચર્ચાઓના મંથનમાંથી અમૃત કાઢી ભાજપા જનતા પાસે જશે અને પુનઃ એક વખત ફરીથી ગુજરાતમાં ૨૬માંથી ૨૬ લોકસભાની બેઠકો જીતાડીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશનું સુકાન સોંપવાની અપીલ પ્રજાને કરીશું.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત કટોકટીકાળ દરમ્યાન કોંગ્રેસ સરકાર દ્વારા જેલમાં બંધ કરેલ લોકતંત્રના પ્રહરી મિસાવાસીઓ અને જનસંઘના કાર્યકર્તાઓની તપવંદના કાર્યક્રમની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.